પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષ:૨૫, અંક:૦૮, કુલ પાના:૪, તારીખ: ૦૧-૦૯-૨૦૨૧ મંગળવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 25, ISSUE : 08 PRICE :-RS. 1.50 DATE : 01-09-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

પોતાના સૈનિકોને પહેલાં વિમાનમાં બેસાડ્યા, છેલ્લે પોતે બેઠા

અમેરિકી સૈનિકોએ અડધી રાત્રે છોડ્યું કાબુલ એરપોર્ટ

કાબુલ,

તાલિબાન સાથે થયેલા કરાર હેઠળ, અમેરિકાએ ૩૧ ઓગસ્ટ સુધીમાં અફઘાનિસ્તાનને સંપૂર્ણપણે છોડી દેવાનું હતું, પણ અમેરિકાએ ચોવીસ કલાક પહેલાં અફઘાનિસ્તાન છોડી દીધું. જેવા જ ચાર યુએસ લશ્કરી પરિવહન વિમાન સી-૧૭ એ કાબુલ એરપોર્ટ પરથી ઉડાન ભરી એની સાથે જ તાલિબાન લડવૈયાઓએ ઉજવણીમાં હવામાં ફાયરિંગ કર્યું હતું. અફઘાનિસ્તાનમાંથી અમેરિકન સેનાની વાપસી થઈ ગઈ છે. કાબુલ એરપોર્ટ પરથી છેલ્લા અમેરિકન વિમાને ઉડાન ભરી હતી. આ સાથે જ વીસ વર્ષ પહેલાં અમેરિકાનું અફઘાનિસ્તાનમાં શરૂ થયેલું યુદ્ધ પણ સમાપ્ત થયું છે. અમેરિકન વિમાને ઉડાન ભરી તે પહેલાં US આર્મીના મેજર જનરલ ક્રિસ ડોનહ્યુ અફઘાનિસ્તાનની ધરતી પરના અંતીમ સૈનિક હતા. મેજર હોવાના નાતે તેમણે સૌ પ્રથમ પોતાના સૈનિકોને વિમાનમાં બેસાડ્યા હતા, પછી પોતે સૌથી છેલ્લે ચડ્યા હતા. અફઘાનિસ્તાનમાંથી અમેરિકન સૈન્યની વાપસી બાબતે અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડેનનું નિવેદન પણ આપ્યું હતું. તેમણે કહ્યું કે હવે

અફઘાનિસ્તાનમાં અમારું ૨૦ વર્ષની સૈન્ય ઉપસ્થિતિ સમાપ્ત થઈ છે. અફઘાનિસ્તાનમાં ખતરનાક સ્થળોએ સેવા આપવા બદલ હું અમારા કમાન્ડરોનો આભાર માનું છું. વધુમાં જણાવ્યું હતું કે આ મિશનમાં કોઈ વધુ સૈનિકોએ જીવ ગુમાવ્યો ન હતો. અમેરિકન વિમાનોએ અફઘાનિસ્તાનની હવાઈ સીમા પણ છોડી ન હતી કે તાલિબાને અફઘાનિસ્તાનને અમેરિકા મુક્ત જાહેર કર્યું હતું. આ દરમિયાન, NOTAM (એરમેનને નોટિસ)એ ઈમર્જન્સી સંદેશ જાહેર કરીને કહ્યું કે કાબુલ એરપોર્ટ હવે કોઈના નિયંત્રણમાં નથી અને અહીં એર ટ્રાફિક નિયંત્રણ પણ નથી. આનો મતલબ એ છે કે અહીંથી વિમાન ટેકઓફ કે લેન્ડ કરવું સલામત નથી.

કાબુલમાં તાલિબાનના પ્રવકતા અમાનુલ્લાહ વાસીકે ટ્વિટર પર કહ્યું: "કાબુલના લોકો ડરશો નહીં, આ ગોળીઓ હવામાં છોડવામાં આવી રહી છે. મુજાહિદો સ્વતંત્રતાની ઉજવણી કરી રહ્યા છે. સાથે જ તાલિબાનનું કહેવું છે કે તેના સ્પેશિયલ ફોર્સ બદરી ૩૧૩ એ કાબુલ એરપોર્ટની સુરક્ષા સંભાળી લીધી છે. બીજી બાજુ, જનરલ મેકેન્ઝીએ અફઘાનિસ્તાનથી અમેરિકન સૈનિકોની સંપૂર્ણ વાપસીની જાહેરાત કરી છે. જનરલ મેકેન્ઝીએ એ પણ કહ્યું હતું કે અફઘાનિસ્તાન છોડવાનો પ્રયાસ કરી રહેલા કેટલાક અમેરિકન નાગરિકો હજુ પણ અફઘાનિસ્તાનમાં જ રહી ગયા છે. અફઘાન અખબાર ઈતલેઆત રોઝે દાવો કર્યો છે કે દાયકુંદી પ્રાંતના ખદીર જિલ્લામાં તાલિબાન દ્વારા બે નાગરિક સહિત કુલ ૧૪ લોકોની હત્યા કરવામાં આવી છે. જ્યારે હજારા મામલા પર નજર રાખી રહેલ એક કાર્યકર્તાએ કહ્યું હતું કે અમે પીડિતો સાથે સ્વતંત્ર રીતે વાત કરી શકતા નથી, પરંતુ સ્થાનિક મીડિયાએ ૧૪ લોકો માર્યા ગયાના સમાચાર પ્રકાશિત કર્યા છે.હજારા સમુદાય સાથે જોડાયેલા કાર્યકર્તાઓનો દાવો છે કે તાલિબાનોએ હજારા પ્રભુત્વ ધરાવતા દાયકુંદી જિલ્લામાં નજીબા લાઈબ્રેરી અને કોમ્પ્યુટર લેબમાં તોડફોડ અને લૂંટ ચલાવી હતી. હજારા પત્રકાર બશીર અહંગ મુજબ, આ પુસ્તકાલયમાં સ્થાનિક હજારા છોકરીઓ અને છોકરાઓ અભ્યાસ કરતા હતા.પંજશીરમાં અહેમદ મસૂદ સાથે સંકળાયેલા સૂત્રોએ દાવો કર્યો છે કે તાલિબાનોએ ઘણી બાજુથી હુમલા શરૂ કર્યા છે. પંજશીરના લડવૈયાઓ પણ તેમને જવાબ આપી રહ્યા છે. અગાઉ તાલિબાન સૂત્રોએ એવું કહ્યું હતું કે પંજશીરમાં ઘણા જૂથો તાલિબાનના સમર્થનમાં આવી રહ્યા છે. પંજશીર પર હુમલાની પુષ્ટિ કરતા ઘણા સૂત્રો કરી રહ્યા છે.

છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૧૫૫ તાલુકામાં મેઘમહેર

આગામી ૪ દિવસ માટે સામાન્યથી ભારે વરસાદની આગાહી

અમદાવાદ,

થોડા દિવસના વિરામ બાદ રાજ્યમાં ફરી મેઘમહેર જોવા મળી રહી છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર, દક્ષિણ તેમજ ઉત્તર ગુજરાતમાં સારો વરસાદ પડી રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં ૧૧૫ તાલુકામાં અડધાથી ૨ ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે, જેમાં સૌથી વધુ પંચમહાલના મોરવાહડફ તાલુકામાં ૨ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. ત્યાર બાદ પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, વલસાડ, મહેસાણા, તાપી, ગાંધીનગર, છોટાઉદેપુર, ખેડા, અરવલ્લી, અમદાવાદ સહિતમાં સામાન્ય વરસાદ નોંધાયો છે. બીજી તરફ, હવામાન વિભાગે આગામી ૪ દિવસ માટે રાજ્યમાં સામાન્યથી ભારે વરસાદની આગાહી કરી છે. જૂનાગઢ, ભાવનગર, અમદાવાદ, મોરબી, કચ્છ, રાજકોટ, પાટણ, સુરેન્દ્રનગર, ગીર-સોમનાથ, સુરત, મહેસાણા, વડોદરા સહિતના મોટા ભાગના વિસ્તારોમાં સામાન્યથી ભારે વરસાદ નોંધાયો છે.બીજી તરફ રાજ્યના અન્ય વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદની હવામાન વિભાગે આગાહી કરી છે. હવામાન વિભાગની



આગાહી પ્રમાણે રાજ્યમાં આગામી ચાર દિવસમાં અમદાવાદ સહિતના વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતાઓ છે. એટલે કે ૩૧મી ઓગસ્ટ બાદ પંચમહાલ, દાહોદ, છોટાઉદેપુર, ડાંગ, તાપી, નવસારી વલસાડમાં ભારે વરસાદની શક્યતા છે. રાજ્યમાં આણંદ અને ભરૂચમાં અતિ ભારે વરસાદની આગાહી છે. આ ઉપરાંત ખેડા, વડોદરા, નર્મદા, સુરત, ડાંગ, તાપી, નવસારી, વલસાડ, રાજકોટ, અમરેલી, ભાવનગર અને ગીર સોમનાથમાં ભારે વરસાદ થઈ શકે છે. પહેલી સપ્ટેમ્બરના રોજ રાજ્યના ડાંગ, નવસારી, વલસાડ, અમરેલી, ભાવનગર, નર્મદા, ભરૂચ, સુરત, તાપી, રાજકોટ અને ગીર સોમનાથમાં ભારે વરસાદ પડી શકે છે. બીજી તરફ ૩ થી ૧૦ સપ્ટેમ્બરની વચ્ચે રાજ્યના અનેક વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસી શકે છે.રાજ્યમાં ૩૦ ઓગસ્ટથી ૪ સપ્ટેમ્બર દરમિયાન હળવોથી ભારે વરસાદ, જ્યારે અમદાવાદમાં એક અઠવાડિયા દરમિયાન ૧થી ૩ ઈંચ વરસાદ પડવાની વકી હવામાન વિશેષજ્ઞે વ્યક્ત કરી છે. હવામાન વિભાગના આંકડાઓ મુજબ, રવિવારે અમદાવાદનું મહત્તમ તાપમાન સામાન્ય કરતાં ૪.૧ ડીગ્રી વધીને ૩૬.૪ ડીગ્રી અને લઘુતમ તાપમાન ૧.૮ ડીગ્રી વધીને ૨૬.૬ ડીગ્રી નોંધાયું હતું, જેને કારણે શહેરમાં દિવસ દરમિયાન ગરમીનું જોર યથાવત્ રહ્યું હતું, પરંતુ હાલમાં બંગાળની ખાડીમાં સક્રિય થયેલા લો-પ્રેશરની અસરોથી સપ્ટેમ્બરના પ્રથમ અઠવાડિયા દરમિયાન વરસાદી ઝાપટાથી લઈને ૧થી ૩ ઈંચ હળવોથી મધ્યમ વરસાદ પડવાની શક્યતા છે.રાજ્યમાં ચોમાસાની સિઝન પુરી થવામાં હવે માંડ એકથી દોઢ મહિનાનો સમય બાકી રહ્યો છે. જૂનમાં ૧૨૦ મિમી, જુલાઈમાં ૧૭૭મિમી અને ઓગસ્ટમાં ૫૪ મિમી મળીને કુલ ૩૫૨ મિમી વરસાદ થયો છે. ગુજરાતમાં થતાં ૮૪૦ મિમી વરસાદની સામે માંડ ૪૨ ટકા જેટલો વરસાદ થયો છે. હવે ચોમાસામા બાકી રહેતા દિવસોમાં ઘટ જેટલો વરસાદ પડવો જરૂરી છે. નહીંતર રાજ્યમાં દુષ્કાળના ડાકલા વાગશે. હાલની સ્થિતિએ રાજ્યના ૧૨ જિલ્લા એવા છે જ્યાં ખેતીની સિંચાઈ માટે પાણી આપવા તો ઠીક પરંતુ પીવાના પાણીના પણ ફાંફાં થાય તેવી સંભાવના પણ નકારી શકાય એવી નથી. બીજી બાજુ ડેમોમાં પાણી ઓછું હોવાના કારણે ખેતીના પાકને પણ ભારે નુકસાન થવાની ભિતી છે. ગુજરાતમાં અત્યાર સુધીમાં સિઝનનો માત્ર ૧૪ ટકા વરસાદ નોંધાયો છે, આમ સમગ્ર ચોમાસાની સિઝનના કુલ એવરેજ વરસાદની સરખામણીએ હજુ ૫૮ ટકા વરસાદની ઘટ છે. મહત્વનું છે કે, છેલ્લા બે વર્ષથી ઓગસ્ટ માસમાં ધોધમાર વરસાદ વરસવાનો સિલસિલો આ વર્ષે જળવાયો નથી. આ વખતે ઓગસ્ટના ૨૮ દિવસમાં માત્ર ૨ ઈંચ જ વરસાદ વરસ્યો છે જેની સામે ગત વર્ષે ૨૨ ઈંચ જેટલો વરસાદ ખાબક્યો હતો. વર્ષ-૨૦૧૯માં પણ ૧૭.૨૯ ઈંચ જેટલો વરસાદ માત્ર ઓગસ્ટ માસમાં જ વરસ્યો હતો. આમ છેલ્લા પાંચ વર્ષમાં આ વર્ષે ઓગસ્ટ માસનો સૌથી ઓછો વરસાદ નોધાયો છે.

ચીને ૭ વર્ષ સુધીના બાળકોની પરીક્ષા કરી સમાપ્ત, દંપતીને વધુ બાળકો રાખવા માટેનું મળે પ્રોત્સાહન

બેઈજિંગ,

બેઈજિંગ શહેરના અધિકારીઓએ ગયા સપ્તાહે જાહેરાત કરી હતી કે કેટલીક શાળાઓમાં ટોચની પ્રતિભાઓની એકાગ્રતાને રોકવા માટે શિક્ષકોને દર ૬ વર્ષમાં સ્કૂલમાં બદલાવ કરવો જોઈએ. આ વર્ષે પહેલા અને બીજા ધોરણના વિદ્યાર્થીઓને લેખિત હોમવર્ક આપવા પર પણ પ્રતિબંધ લગાવી દીધો હતો. ચીને શિક્ષણ વ્યવસ્થા અંગે વ્યાપક શિક્ષણ સુધારા લાગુ કર્યા છે. આ અંતર્ગત છ અને સાત વર્ષ સુધીના બાળકોની લેખિત પરીક્ષા પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે. તેનો હેતુ બાળકો અને માતાપિતા પર દબાણ ઘટાડવા માટેનો છે. એવું માનવામાં આવે



છે કે આથી માતાપિતાને વધુ બાળકોને જન્મ આપવા માટેનો સમય મળશે.ખરેખરમાં આ સુધાર કાર્યક્રમોને ચીનની વધુ બાળકોની જનસંખ્યા પોલિસી સાથે સબંધિત હોવાનું જોવામાં આવી રહ્યું છે. દાયકામાં સૌથી ધીમી જનસંખ્યા વૃદ્ધિની સાથે, ચીનના અધિકારીઓએ આ વર્ષની શરૂઆતમાં બે બાળકોની જન્મ મર્યાદાને દૂર કરી દીધી હતી. તે વધુ બાળકો પેદા કરવા માટે આ પ્રકારનું પ્રોત્સાહન વધારવા માંગે છે.

સોમવારે બહાર પાડવામાં આવેલી નવી માર્ગદર્શિકામાં કહેવામાં આવ્યું છે કે જેના કારણે વારંવાર લેવાતી પરીક્ષાઓ જેના કારણે વિદ્યાર્થીઓ પર ઘણો બોજ પડતો હતો. તેને શિક્ષણ મંત્રાલય દ્વારા દૂર કરવામાં આવ્યો છે. મંત્રાલયે કહ્યું કે નાની ઉંમરમાં જ વિદ્યાર્થીઓ પર દબાણ તેમના માનસિક અને શારીરિક સ્વાસ્થ્યને નુકસાન પહોંચાડે છે. આ સિવાય જુનિયર હાઈસ્કૂલ સુધીની લેવાતી પરીક્ષાઓ પણ મર્યાદિત કરવામાં આવી છે. આ પગલાં ચીનના શિક્ષણ ક્ષેત્રે વ્યાપક સરકારી સુધારાઓનો એક ભાગ છે.

અગાઉ જુલાઈમાં, ચીને તમામ ખાનગી ટ્યુટરિંગ સંસ્થાઓ પર પ્રતિબંધ મૂક્યો હતો, જેનાથી ૭.૩૨ લાખ કરોડના કોચિંગ ઉદ્યોગને અસર થઈ હતી. તેનો ઉદ્દેશ્ય ચીનમાં શિક્ષણ અસમાનતા ઘટાડવાનો છે, જ્યાં કેટલાક મધ્યમ વર્ગના માતા-પિતા તેમના બાળકોને ટોચની શાળાઓમાં દાખલ કરવા માટે ખાનગી ટ્યુશન પાછળ દર વર્ષે રૂ. ૧૧.૨૭ લાખ અથવા તેનાથી પણ વધુ રૂપિયાનો ખર્ચ કરે છે.

વિસનગરમાં મોડી સાંજે વીજળી પડતા બેના મોત

મહેસાણા,

વિસનગર તાલુકા માં આવેલ ગણપતપુરા ગામ માં સોમવારે મોડી સાંજે વરસાદી માહોલ જામ્યો હતો, તે દરમિયાન વિજળી પડતા ૨ ના મોત થયા હોવાની માહીતી પ્રાપ્ત થઈ છે. ગણપતપુરા ગામ ની સીમ માં એક મહિલા અને એક યુવાન પર વીજળી પડતા ઘટના ઘટના સ્થળે મોત નીપજ્યું હતું જોકે બને મૃતકો ને પોસ્ટમોર્ટમ માટે મહેસાણા સિવિલ લાવામાં આવ્યા હતામહેસાણા જિલ્લા માં ગઈ કાલ બપોરેથી વાતાવરણ માં એકાએક પલટો થતા ગાજવીજ સાથે વરસાદ વરસ્યો હતો. જોકે આવા વરસાદી માહોલ વચ્ચે જિલ્લા ના વિસનગર તાલુકા માં આવેલા ગણપત પુરા ગામ માં દુઃખદ ઘટના ઘટી હતી. જે અંગે મળતી માહિતી પ્રમાણે ગણપત પુરા ગામ માં આવેલી સીમ માં એક મહિલા અને એક યુવાન પર વીજળી પડતા બને ના ઘટના સ્થળે મોત નીપજ્યા હતા સમગ્ર ઘટના માં મહિલા અને યુવાન સાંજ ના સમયે ખેતર માં ઘાસ ચારો લેવા ગયા હતા એ દરમિયાન એકાએક વીજળી પડતા બને ના ઘટના સ્થળે મોત નિપજતા ગામ માં શોક નું મોજું ફળી વળ્યું છે આ ઘટના માં ઠાકોર સુખીબેન તલાજી અને ૧૭ વર્ષીય ઠાકોર નાગજી રમેશજી નું મોત થયા હોવાની વિગતો બહાર આવી છેજોકે સ્થાનિકો ને જાણ થતાં વિસનગર તાલુકા પોલીસ ને જાણ કરતા પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી જોકે બાદ માં બને મૃતકો ની લાસો ને પોસ્ટમોર્ટમ અર્થે મહેસાણા સિવિલ ખાતે લેવામાં આવી હતી. જોકે આજે જન્માષ્ટમી નો તહેવાર અને બીજી બાજુ વીજળી પડતા ગામ મા જ બેના મોત નિપજતા ગામ માં શોક નો માહોલ સર્જાયો હતો.

વડોદરામાં દેશી દારૂના અડ્ડા પર રેડ કરવા ગયેલા પોલીસકર્મીઓને

મારે ત્યાં રેડ પાડવા આવશો તો હું કોઈને પણ મારી નાખીશ : બુટલેગર મહિલાની ધમકી

વડોદરા,

વડોદરા શહેરના હરણી રોડ પર આવેલી જે.પી. વાડી ઝૂંપડપટ્ટીમાં દેશી દારૂના અડ્ડા ઉપર રેડ કરનાર પોલીસને બુટેલગર માતા-પુત્રએ જાનની મારી નાખવાની ધમકી આપી હોવાની ફરિયાદ પોલીસ સ્ટેશનમાં નોંધાઇ છે. મહિલા બુટલેગરે પોલીસને જણાવ્યું કે, મારે ત્યાં રેડ પાડવા આવશો તો હું કોઈને પણ મારી નાખીશ. તેવી પણ ધમકી આપી હતી. પોલીસે બુટલેગર માતા-પુત્ર સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.વારસીયા પોલીસ મથકમાં નોંધાયેલી ફરિયાદ મુજબ અનાર્મ પોલીસ કોન્સ્ટેબલ હરેન્દ્રસિંહ ઉદેસિંહ, લાલજીભાઇ લાભુભાઇ અને એલઆરડી વિજયભાઇ દીપુભાઇ પેટ્રોલિંગમાં હતા. તે સમયે હરણી રોડ સ્વાદ ક્વાટર્સ જવાહર ફળિયા પાસે દારૂનો ધંધો ચાલતો હોવાની શંકા જતાં પોલીસે સ્થળ પર પહોંચતા બુટલેગર માતા-પુત્ર ફરાર થઇ ગયા હતા. જોકે, પોલીસને સ્થળ પરથી જગદીશ ચિમનભાઇ માછી(રહે, ૩૨૦, સ્વાદ ક્વાટર્સ, હરણી રોડ) મળી આવ્યો હતો. પોલીસને જગદીશને દેશી દારૂ અંગે પૂછતા તેણે જણાવ્યું કે, આ દારૂનો જથ્થો વડોદરા શહેરના હરણી રોડ ઉપર આવેલી જે.પી. વાડી ઝૂંપડપટ્ટી સ્વાદ ક્વાટર્સ ખાતે રહેતા રાકેશ બાબુભાઇ રાજપૂત અને તેની માતા ઇન્દુબહેન રાજપૂતનો છે.દરમિયાન પેટ્રોલિંગની પોલીસે અન્ય પોલીસ જવાનોની મદદ લઇને બુટલેગર માતા-પુત્ર રાકેશ રાજપૂત અને તેની માતા ઇન્દુબહેન દેશી દારૂ વેચતા મળી આવ્યા હતા. પોલીસે બુટલેગર માતા-પુત્રના ઘરમાં વધુ તપાસ કરી હતી. જેમાં પોલીસને ૫૦ નંગ દેશી દારૂની પોટલીઓ મળી આવી હતી. આ દેશી દારૂ આરોગ્ય માટે હાનિકારક હોવાથી પોલીસે રૂપિયા ૧૦ હજાર ઉપરાંતનો દેશી દારનો જત્થો કબજે કરી તેઓ વિરૂદ્ધ કાર્યવાહી હાધ ધરી હતી.હરણી રોડ સ્વાદ ક્વાટર્સમાં ચકચાર જગાવી મુકનાર આ બનાવમાં રાતનો સમય હોવાથી મહિલા બુટલેગર ઇન્દુબહેન રાજપૂતને સવારે પોલીસ મથકમાં હાજર થવા સમજાવી રહ્યા હતા, ત્યારે બુટલેગર માતા-પુત્રએ પોલીસને અપશબ્દો બોલીને પોલીસની કામગીરીમાં દખલગીરી કરી હતી. દરમિયાન પોલીસે બુટલેગર માતા-પુત્ર સામે પ્રોહિબિશન અને પોલીસની કામગીરીમાં અડચણ ઉભી કરવાનો ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી છે.



મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

મહિસાગરમાં જીલ્લા ન્યાયાલય ખાતે તથા તાબાની તાલુકા કોર્ટોમાં ૧૧ સપ્ટેમ્બરના રોજ રાષ્ટ્રીય લોક અદાલત યોજાશે

લુણાવાડા,
રાષ્ટ્રીય કાનુની સેવા સત્તા મંડળ, નવી દીલ્હીના આદેશ અનુસાર અને નામદાર ગુજરાત રાજ્ય કાનુની સેવા સત્તા મંડળ, અમદાવાદના ઉપકમે મહિસાગર જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ ધ્વારા ૧૧ સપ્ટેમ્બર ૨૦૨૧ ને શનિવાર ના રોજ ૧૦-૦૦ કલાકથી નેશનલ લોકઅદાલતનું આયોજન કરવામાં આવેલ છે.

જેમાં સમાધાન લાયક કેસો જેવા કે (૧) ફોજદારી સમાધાન લાયક કેસો (૨) નેગોશીએબલ ઈસ્યુમેન્ટ એક્ટ કલમ -૧૩૮ ના કેસો (૩) બેન્ક રીકવરીના કેસો (૪) અકસ્માત વળતરના કેસો (૫) મજુર ડીસપ્યુટના કેસો (૬) જમીન સંપાદનના કેસો (૭) ફેરફાર / ભાગલા/ વિભાજન/ ભાડા બેન્ક વસુલાત/ સુખાધિકારીના હકકો વિગેરેના દિવાની દાવાઓ (૮) વીજળી અને પાણીના બીલોના કેસો (૯) પ્રીલીટીગેશન કેસો (૧૦) રેવન્યુ કેસીસ (૧૧) ભરણ પોષણના કેસો અને કૌટુબિંક ઝઘડા અંગેના કેસો તેમજ અન્ય સમાધાન લાયક કેસોનો સમાધાનપૂર્વક નિકાલ કરવા માટે આયોજન કરવામાં આવેલ છે. જેમાં કેસો મુકવા ઈચ્છતા પક્ષકારો, વકીલઓએ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, મહિસાગર મુ.લુણાવાડા તથા મહિસાગર જિલ્લાની જે તે તાલુકા કાનૂની સેવા સમિતિના ચેરમેન ઓને સંપર્ક કરવા ચેરમેન જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ અને પ્રિન્સીપાલ ડીસ્ટ્રીક્ટ જજ એચ.એ.દવેએ અખબારી યાદીમાં જણાવાયું છે.

સંતરામપુરની સીંગલ ગઢ ગામે ગાડીને ટકકરે ૫ વર્ષીય બાળકનું મોત

તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,
સંતરામપુર તાલુકાના સીંગલગઢ ગામે ઈન્ડિગો ગાડીના ટક્કરથી પાંચ વર્ષના પ્રિન્સનું મોત સંતરામપુર તાલુકાના સીંગલગઢ ગામના નિશાળ ફળિયામાં પાંચ વર્ષનું બાળક પ્રિન્સ રોડની સાઈડમાં ચાલીને જતો હતો. અચાનક ઈન્ડિગો ગાડી ડ્રાઇવર પોતાની બેદરકારી અને ગફલતભરી ચલાવીને બાળક ને ટક્કર મારીને ફંગોળી જતા બાળકને શરીરના ભાગે ગંભીર ઈજાઓ થતાં ઘટના સ્થળે મોત નિપજ્યું હતું. ઈન્ડિગો ગાડીના ડ્રાઈવર ગાડી મૂકીને ફરાર થઈ ગયો હતો. આવી ઘટના બનતા જ પાંચ વર્ષના બાળકો પરિવાર પર આભ ફાટ્યું હતું આવી કરૂણ ઘટના બનતા જ ગામની અંદર શોકનું મોજુ છવાયુ હતું. કલ્પેશભાઈ ગલાભાઈ બારીયા સંતરામપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. સંતરામપુર પોલીસે અકસ્માતનો ગુનો દાખલ કરીને આગળની તપાસ હાથ ધરી હતી.

સ્ટેચ્યૂ ઓફ યુનિટી વિશ્વની સૌથી યુવાન લોકશાહી માટે નાગરિકતાના માર્ગનો પ્રેરણાસ્ત્રોત છે: સ્મૃતિ ઈરાની

કેવડિયા,
કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રી સ્મૃતિ ઈરાનીએ આજે સ્ટેચ્યૂ ઓફ યુનિટીની મુલાકાત લઈને સરદાર સાહેબની પ્રતિમાને પદપૂજા કરીને ભાવાંજલી અર્પી હતી. આ મુલાકાત દરમ્યાન કેન્દ્રીય રાજ્યમંત્રી ડૉ. મહેન્દ્રભાઈ મુંજપરા, ગુજરાતના મહિલા અને બાળ કલ્યાણ વિભાગના મંત્રી ગણપતભાઈ વસાવા, રાજ્યમંત્રી વિભાવરીબેન દવે, કેન્દ્રીય સચિવ પાંડે અને રાજ્યના સચિવ કે.કે.નિરાલા, SOUDTGA ના CEO રવિ શંકર સાથે જોડાયા હતા.એકતામાં શ્રેષ્ઠતાનું તે સાચા અર્થમાં ઉત્તમ પ્રતિક છે સ્થાનિકોને રોજગારી બાબતે મંત્રીને વાકેફ પણ કર્યા મંત્રીની મુલાકાત દરમ્યાન કેન્દ્રીય મહિલા આયોગના અધ્યક્ષા રેખા શર્મા,ગુજરાત મહિલા આયોગના અધ્યક્ષા લીલાબેન અંકોલીયા સાથે જોડાયા હતા. આ મુલાકાત દરમિયાન કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાનીને સ્ટેચ્યૂ ઓફ યુનિટીની વિશેષતા વિશે જનસંપર્ક અધિકારી રાહુલ પટેલે ઝીણવટભરી માહિતી આપી હતી અને સ્થાનિકોને રોજગારી બાબતે વાકેફ પણ કર્યા હતા.વિવિધ રાજ્યો-કેન્દ્ર શાસિત પ્રદેશો વચ્ચે રાષ્ટ્રીય કોન્ફરન્સ કેન્દ્ર સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા રાષ્ટ્રીય પોષણ માસ અંતર્ગત સ્ટેચ્યૂ ઓફ યુનિટી, કેવડિયા-નર્મદા ખાતે દેશના વિવિધ રાજ્યો-કેન્દ્ર શાસિત પ્રદેશો વચ્ચે યોજાયેલી દ્વિ-દિવસીય રાષ્ટ્રીય કોન્ફરન્સમાં ભાગ લેવા માટે કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રી સ્મૃતિ ઈરાની સોમવારે મોડી સાંજે કેવડીયા સર્કિટ હાઉસ ખાતે આવી પહોંચ્યા હતા જ્યાં રાજ્યના આદિજાતિ કલ્યાણ તેમજ મહિલા અને બાળ કલ્યાણ વિભાગના મંત્રી ગણપતસિંહ વસાવાએ સ્મૃતિ ઈરાનીનું સ્વાગત કરી તેમને આવકાર્યા હતાં. મંત્રીએ રેડિયો યુનિટી ૯૦ FMની મુલાકાત લીધી કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાનીએ આજે સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે નવનિર્મિત કોમ્યુનિટી રેડિયો સ્ટેશન રેડિયો યુનિટી ૯૦ FMની મુલાકાત લઈને વાર્તાલાપ કર્યો હતો. વાર્તાલાપમાં તેમના વિભાગને લગતા તેમજ ભારત સરકાર અને ગુજરાત સરકારે કરેલ કાર્યો પર ચર્ચા કરી હતી તેમજ રેડિયો જોકી તરીકે કામ કરતા તમામ RJ નાં પ્રશ્નોનો વિસ્તારપૂર્વક જવાબ આપ્યો હતો. સરદાર સાહેબને ભાવાંજલિ આપતા મુલાકાત પોથીમાં તેમણે નોંધ્યું કે, જ્યારે દેશનો પ્રત્યેક નાગરિક સરદાર સાહેબને અનુસરવાની પ્રેરણા લેશે ત્યારે મજબૂત, સંવેદનસભર અને ધબકતા રાષ્ટ્રની પરિકલ્પના પૂર્ણ થશે. સ્ટેચ્યૂ ઓફ યુનિટી એ માત્ર સ્મારક નથી, તે વિશ્વની સૌથી યુવાન લોકશાહી માટે નાગરિકતાનાં માર્ગનો પ્રેરણાસ્ત્રોત છે, તેની છત્રછાયામાં મુક્તિ અને ગર્વની અનુભૂતિ થાય છે, એકતામાં શ્રેષ્ઠતાનું તે સાચા અર્થમાં ઉત્તમ પ્રતિક છે. સરદાર સાહેબને મારી હાર્દિક વંદના.સરદાર સાહેબના જીવન કવનને વણી લેતી દસ્તાવેજી ફિલ્મ પણ નિહાળી સ્મૃતિ ઈરાનીએ સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લઈ અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલ સાહેબની અતિ વિરાટ પ્રતિમાની પાદ પૂજા કરી ભાવવંદના કરી હતી. ત્યારબાદ ૧૩૫ મીટરની ઊંચાઈએ આવેલ વ્યૂઈંગ ગેલેરી પ્રતિમાના હૃદય સ્થાનેથી અદભૂત નજારો પણ માણયો હતો. તદઉપરાંત વિધ્યાંચળ-સાતપુડા ગિરીમાળાનું પ્રાકૃતિક સૌંદર્ય નિહાળ્યું હતું. ત્યારબાદ સ્ટેચ્યૂ ઓફ યુનિટીમાં પ્રદર્શન, લાયબ્રેરી, સરદાર સાહેબના જીવન કવનને વણી લેતી દસ્તાવેજી ફિલ્મ પણ નિહાળી હતી.

સ્થાનિક RJ પાસેથી તાલીમ અંગે વાર્તાલાપ કર્યો અંતમાં તમામ સ્થાનિક RJ પાસેથી તાલીમ અંગે વાર્તાલાપ કર્યો હતો. આ પ્રસંગે RJ નિલમ, ઈન્ન ગુરૂ, RJ હેતલ અને RJ ગંગા, RJ સમાને અભિનંદન આપ્યા હતાં. તેમજ ગાઈડ મિત્રો સંસ્કૃતમાં વાર્તાલાપ કરે છે તેની નોંધ પ્રધાનમંત્રીના "મન-કી-બાત" કાર્યક્રમમાં લેવાઈ તે બદલ અભિનંદન પાઠવી દેશની સંસ્કૃતિને આગળ વધારવા માટે કોમ્યુનિટી રેડીયોના ઈન્ન ને અભિનંદન આપી સરાહના કરી હતી.પોષણ જાગૃત્તિ માટેની પ્રવૃત્તિઓ નિહાળી આ પ્રસંગે ગુજરાતના મંત્રી ગણપતસિંહ વસાવા, રાજ્યમંત્રી વિભાવરીબેન દવે, સચિવ કે.કે.નિરાલા, SOUADTGA ના CEO અને SSNNL ના જોઈન્ટ મેનેજીંગ ડિરેક્ટર અને કમિશ્નર SSPA રવિ શંકર, નાયબ કલેક્ટર કુલદીપસિંહ વાળા, જનસંપર્ક અધિકારી રાહુલ પટેલ હાજર રહ્યાં હતા, ત્યાર બાદ કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાનીએ ચિલ્ડ્રન-ન્યુટ્રીશન પાર્કની પણ મુલાકાત લીધી હતી અને અહીં પોષણ જાગૃત્તિ માટે થઈ રહેલી પ્રવૃત્તિઓ નિહાળી હતી. આ પ્રસંગે ચિલ્ડ્રન-ન્યુટ્રીશન પાર્કના ડાયરેક્ટર નિશ્ચલ જોશી અને ફેસીલીટી મેનેજર પ્રતિક માથુરે જરૂરી જાણકારી આપી હતી.લેશર-પ્રોજેક્શન મેપીંગ શો નિહાળ્યો ત્યારબાદ કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાનીએ સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે લેશર-પ્રોજેક્શન મેપીંગ શો નિહાળ્યો હતો. આ મુલાકાત દરમિયાન કેન્દ્રીય મંત્રીની સાથે ગુજરાતના મંત્રી ગણપતસિંહ વસાવા રાજ્યકક્ષાના મંત્રી વિભાવરીબેન દવે, સચિવ કે.કે.નિરાલા અને SOUADTGA ના CEO રવિશંકર વગેરે પણ સાથે રહ્યાં હતાં.

જીલ્લામાં રાજકીય પક્ષો કોરોના ગાઈડ લાઈનનું પાલન કરાતું નથી

દે.બારીયા રાજકીય કાર્યક્રમોને ખુલ્લી છુટ જ્યારે ધાર્મિક કાર્યક્રમો પર લગામ લગાવતા પ્રજામાં રોષ

દે.બારીયા,
સરકારની સુઝબુઝના કારણે હાલ કોરોના સંકમીતની સંખ્યામાં ઘટાડો જોવા મળે છે. તેમાં બેમત નથી. સરકારની ગાથા ગાવા માટે મોટર સાયકલ રેલીઓ તેમજ હાલમાં જ દે.બારીયા, લીમખેડા, ગરબાડા થતા પંચમહાલના અનેક ગામોમાં આમ આદમી પાર્ટીના દ્વારા જન સંવેદના મુલાકાતના મોટા મોટા કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. આખા ગુજરાતમાં ચાર સો જટલા જન સંવેદના મુલાકાતના નામે મોટી સંખ્યામાં કાર્યક્રમો યોજી રહ્યા છે. ત્યાં સરકારની ગાઈડ લાઈન કયા છે. આવા સત્તા તથા વિપક્ષના કાર્યક્રમો પણ થાય છે. ત્યારે કોરોનાની સંભવિત ત્રીજી લહેરના ખતરાને સામે મૂકી ધાર્મિક લાગણી સાથે જોડાયેલી હિન્દુ-મુસ્લીમ આમ પ્રજા માટે દશામાં વ્રત, મોહરમ તાજીયાનો જુલુસ તથા મેઘરાજાની નોમની છડી, આઠમનો મેળો જેવા પારંપરીક તહેવારોને ઘર તથા એરીયામાં જ રહી ઉજવણીની સુચના આપવામાં આવે છે. તે પણ જીલ્લાના મેજીસ્ટેટના તા.૨૭/૦૮/૨૧ના જાહેરનામા થકી આગામી તહેવારો ગણેશ મહોત્સવ, ગણેશ વિર્સજન દરમિયાન જનહિતની દોહાઈના નામે કેટલા પ્રતિબંધો મુકવામાં આવ્યા છે. એક સાથે૨૦૦ વ્યકિતઓજ સામાજીક અંતરના નિયમ સાથે દર્શન કરી શકશે તેમજ મર્યાદિત રૂટ ઉપર શોભાયાત્રામાં મર્યાદિત વાહનોમાં આયોજન કરી શકશે. આ ઉપર થી ગૃહ વિભાગના જાહેર કરેલા માર્ગદર્શનનું પાલન સાથે ધાર્મિક સ્થાનોમાં જઈ શકશે તથા મટકી ફોડના કાર્યક્રમ પર પ્રતિબંધ મુકયો છે. કેમ ?

મોટી સંખ્યામાં રાજકીય કાર્યક્રમો નેતાઓ લોકોને ભેગા કરીને રાજકીય કાર્યક્રમો કરી રહ્યા છે. ત્યારે આમ, ધાર્મિક તથા ધર્મ પ્રેમી પ્રજા ધાર્મિક કાર્યક્રમો કરી શકતી નથી કયાં છે. આંતરરાષ્ટ્રીય હિન્દુ પરીષદના આગેવાનો રાજકીય કાર્યક્રમો પોલીસના કાફલા સાથે યોજી શકતા હોય તો પોલીસના બંદોબસ્ત સાથે ધાર્મિક કાર્યક્રમ તા.૯ સપ્ટેમ્બર થી તા.૧૯ સપ્ટેમ્બર સુધી યોજાનાર ગણેશ મહોત્સવ માટે ગાઈડ લાઈનના પાલન સાથે કેમ કરી શકતા નથી ? મહારાષ્ટ્રમાં મંદિરો ખોલાવવા માટે વિપક્ષ બીજેપી એ દેખાવો કરી રહી છે. દાહોદ જીલ્લામાં ગણેશ સ્થાપના અને વિર્સજન માટે મહત્તમ ૧૫ વ્યકિતઓની મર્યાદામાં એક વાહનમાં જ્યારે રાજકીય કાર્યક્રમોમાં કોઈ મર્યાદા દેખવા મળતી નથી. આનું નામ પ્રજાતંત્ર બાબા સાહેબ ડા. આંબેડકરના સહવિધાના માપદંડ લગાવીને ધાર્મિક સ્વતંત્રતાનું સરકારી બાબુઓ ઉલ્લંઘન કરી રહ્યા છે. તેવું પ્રજામાં ગણગણાટ છે.

દાહોદ જિલ્લા કક્ષા યુવા ઉત્સવ ઓનલાઈન સ્પર્ધામાં ૨૦ સપ્ટેમ્બર સુધી ભાગ લઈ શકાશે

દાહોદ,
રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ ગાંધીનગર હસ્તકની કમિશનર યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી તથા જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી દાહોદ દ્વારા સંયુક્ત રીતે ચાલુ વર્ષે જિલ્લા કક્ષા યુવા ઉત્સવનું ઓન લાઈન આયોજન કરાયું છે.

જેમા લોકનૃત્ય, લોકગીત, એકાંકી (હીંદી/ અંગ્રેજી), શાસ્ત્રીય કંઠ્ય સંગીત, કર્ણાટકી સંગીત, સીતાર, વાંસળી, તબલા, વીણા, મૃદંગમ, હાર્મોનીયમ(હળવુ), ગીટાર,શાસ્ત્રીય નૃત્ય-ભરતનાટ્યમ, શાસ્ત્રીય નૃત્ય-મણીપુરી, શાસ્ત્રીય નૃત્ય-ઓડીસી, શાસ્ત્રીય નૃત્ય-કથ્થક, શાસ્ત્રીય નૃત્ય-કુચીપુડી, શીઘ્ર વકતૃત્વ (હીંદી/ અંગ્રેજી) જેવી સ્પર્ધામાં ભાગ લેવા સ્પર્ધકે પોતાની કૃતિ/ રજુઆતની વિડીયો કલીપની સીડી બનાવી આગામી તા. ૨૦/૦૯/૨૦૨૧ બપોરે ૧૨:૦૦ કલાક સુધીમા જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, જિલ્લા સરવે ભવન, છાપરી, દાહોદ ખાતે આપવાની રહેશે. વધુ માહિતી નિયમોની જાણકારી માટે પ્રાંત યુવા વિકાસ અધિકારી જે.સી.ડાભી ૯૪૨૮૧૩૧૮૫૯ નો સંપર્ક કરવાનો રહેશે. ઓન લાઈન વીડીયો રેકોર્ડીંગની શરૂઆતમાં સ્પર્ધકે કૃતીનું નામ, પોતાનુ નામ, વય જુથ, મોબાઈલ નબંર, સંસ્થાનું નામ, સરનામુ વગેરેનો ઉલ્લેખ કરવાનો રહેશે. જિલ્લા યુવા વિકાસ અધિકારી, દાહોદએ એક યાદીમાં ઉકત માહિતી આપી છે.

દે.બારીયા સિવિલ હોસ્પિટલના વોર્ડના બેડ ઉપર કુતરું આરામ કરતું જોવા મળ્યું

દે.બારીયા,
દે.બારીયા સિવિલ હોસ્પિટલમાં ઘોર બેદરકારી સામે આવી. હોસ્પિટલમાં પેશન્ટના બેડ ઉપર કુતરું આરામ કરતું, નજરે પડયું હતું. લોકોમાં તંત્રની બેદરકારીને લઈ રોષ જોવા મળ્યો હતો.

દે.બારીયા સિવિલ હોસ્પિટલમાં ચાલતી લાલીયાવાડી સામે આવી હતી. સિવિલ હોસ્પિટલમાં પેશન્ટના વોર્ડમાં બેડ ઉપર કુતરું આરામ કરતું જોવા મળ્યું હતું. હોસ્પિટલમાં ઉપરના માળે પ્રસૃતિ વોર્ડ આવેલ છે. જો ભુલ થી આ કુતરું ઉપરના માળે પહોંચી જાય તો નવજાત બાળકનો શું હાલ થાય તેનું ભાન જાણે હોસ્પિટલ તંત્રને નથી. ભુતકાળમાં રાજ્યમાં મહિલા પ્રસૃતિ વોર્ડમાંથી નવજાત બાળકને કુતરા દ્વારા ઉપાડી જવાનો કિસ્સો અગાઉ બની ચુકયો છે. ત્યારે દે.બારીયા સિવિલ હોસ્પિટલમાં કોઈ બનાવ બને તો જવાબદાર કોણ રહેતું તેવા અનેક સવાલો ઉદ્દભવી રહ્યા છે.

તાલિબાન અને મસૂદ સમર્થકો વચ્ચે ઘમાસાણ

પંજશીર ઘમાસાણમાં, દાયકુંદી પ્રાંતમાં હજારા સમુદાયના ૧૪ લોકોની હત્યા

કાબુલ,
અફઘાનિસ્તાનથી અમેરિકી સેનાની વાપસીના બરાબર એક દિવસ પહેલાં ઈસ્લામિક સ્ટેટના આતંકીઓએ ૬ રોકેટ છોડ્યા હતા. જેમાંના ૫ રોકેટ કાબુલ એરપોર્ટ પર ટાર્ગેટ કરીને છોડવામાં આવ્યા હતા. જેનાથઈ અમેરિકી મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ સંપૂર્ણ રીતે નાશ પામી હતી. પ્રત્યક્ષદર્શીઓના કહેવા પ્રમાણે, છઠ્ઠું રોકેટ એક બિલ્ડિંગ સાથે અથડાઈને નીચે પડ્યું હતું. પંજશીરમાં અહમદ મસૂદ સાથે જોડાયેલાં સૂત્રોએ દાવો કર્યો છે કે તાલિબાનોએ ચારેતરફથી હુમલો કર્યો છે. પંજશીરના લડાકુઓ તેમને જવાબ આપી રહ્યા છે. આ પહેલાં તાલિબાની સૂત્રોએ કહ્યું હતું કે પંજશીરમાં કેટલાંક જૂથ તાલિબાનના સમર્થનમાં આવી રહ્યા છે. પંજશીર પર થયેલા હુમલાની પુષ્ટિ કરવામાં આવી રહી છે. તો બીજી તરફ તાલિબાને ખદીર જિલ્લામાં હજારા સમુદાયના ૧૪ લોકોની હત્યા કરી દીધી છે. હજારા સમુદાય સાથે જોડાયેલા કાર્યકર્તાઓનો દાવો છે કે હજારા બહુલ જિલ્લાના દાયકુંદીમાં તાલિબાને નજીબા લાઈબ્રેરી અને કમ્પ્યુટર લેબમાં તોડફોડ અને લૂંટફાટ કરી હતી. હજારા પત્રકાર બશીર અહંગના કહ્યા પ્રમાણે આ લાઈબ્રેરીમાં સ્થાનિક હજારા સમુદાયનાં છોકરી-છોકરાં ભણી રહ્યાં હતાં. અફઘાનિસ્તાની અખબાર ઈતલેઆત રોજે દાવો કર્યો છે કે દાયકુંદી પ્રાંતના ખદીર જિલ્લામાં તાલિબાને ૧૪ લોકોને માર્યા નાખ્યા હતા, જેમાંથી બે સામાન્ય નાગરિક છે. ત્યાં જ આવી બાબતો પર નજર રાખવાવાળા સ્થાનિક કાર્યકરે જણાવ્યું હતું કે અમે સ્વતંત્ર રીતે પીડિતો સાથે વાચતીત કરી શકતા નથી, પરંતુ સ્થાનિક મીડિયાએ ૧૪ લોકો મર્યા હોવાનો અહેવાલ પ્રકાશિત કર્યો છે. પંજશીરમાં અહમદ મસૂદ સાથે જોડાયેલાં સૂત્રોએ દાવો કર્યો છે કે તાલિબાનોએ ચારેતરફથી હુમલો કર્યો છે. પંજશીરના લડાકુઓ તેમને જવાબ આપી રહ્યા છે. આ પહેલાં તાલિબાની સૂત્રોએ કહ્યું હતું કે પંજશીરમાં કેટલાંક જૂથ તાલિબાનના સમર્થનમાં આવી રહ્યા છે. પંજશીર પર થયેલા હુમલાની પુષ્ટિ કરવામાં આવી રહી છે. તો બીજી તરફ તાલિબાને ખદીર જિલ્લામાં હજારા સમુદાયના ૧૪ લોકોની હત્યા કરી દીધી છે. હજારા સમુદાય સાથે જોડાયેલા કાર્યકર્તાઓનો દાવો છે કે હજારા બહુલ જિલ્લાના દાયકુંદીમાં તાલિબાને નજીબા લાઈબ્રેરી અને કમ્પ્યુટર લેબમાં તોડફોડ અને લૂંટફાટ કરી હતી. હજારા પત્રકાર બશીર અહંગના કહ્યા પ્રમાણે આ લાઈબ્રેરીમાં સ્થાનિક હજારા સમુદાયનાં છોકરી-છોકરાં ભણી રહ્યાં હતાં.

અફઘાનિસ્તાની અખબાર ઈતલેઆત રોજે દાવો કર્યો છે કે દાયકુંદી પ્રાંતના ખદીર જિલ્લામાં તાલિબાને ૧૪ લોકોને માર્યા નાખ્યા હતા, જેમાંથી બે સામાન્ય નાગરિક છે. ત્યાં જ આવી બાબતો પર નજર રાખવાવાળા સ્થાનિક કાર્યકરે જણાવ્યું હતું કે અમે સ્વતંત્ર રીતે પીડિતો સાથે વાચતીત કરી શકતા નથી, પરંતુ સ્થાનિક મીડિયાએ ૧૪ લોકો મર્યા હોવાનો અહેવાલ પ્રકાશિત કર્યો છે. અફઘાનિસ્તાન પર કબ્જો કર્યા બાદ તાલિબાનની પાસે મોટા પ્રમાણમાં હથિયારો જમા થઈ ગયા હતા. અમેરિકાએ અફઘાનિસ્તાનના સૈનિકોને અત્યારસુધીમાં જેટલો દારૂગોળો, હથિયાર, લડાકુ વિમાન, હેલિકોપ્ટર અને અન્ય સૈન્યનો સરસામાન આપ્યો હતો તે હવે સંપૂર્ણ રીતે તાલિબાના કબ્જા હેઠળ છે. તાલિબાને સામાન્ય લોકો પાસેથી પણ હથિયારો છીનવી લઈ મોટા પ્રમાણમાં હથિયારો ભેગા કર્યા છે. હજારા સમુદાયના કાર્યકર્તાએ આરોપ લગાવતા કહ્યું હતું કે દૂર દૂર સુધીના વિસ્તારમાં તાલિબાન જુલમ કરી રહ્યું છે અને અસલી તસવીર સામે આવી રહી નથી. દાયકુંદીમાંથી આવેલા અહેવાલ પ્રમાણે હજારા લડાકુ અને તાલિબાનો વચ્ચે ઘમસાણ થયું હતું. તાલિબાને ડઝન જેટલા હજારા લડાકુઓને મારી નાખ્યા હતા. તાલિબાન સ્થાનિક જાસૂસી નેટવર્કની મદદથી હજારા લડાકુઓની ઓળખાણ કરવામાં આવી રહી છે. કેટલાક દિવસ પહેલાં એક નિર્દેશ જાહેર કરવામાં આવ્યો હતો. તાલિબાન પ્રવકતા જબીહુલ્લાહ મુઝાહિદે ટ્વીટ કર્યું હતું કે, કાબુલ શહેરમાં જેની પાસે સરકારી વાહન, હથિયાર, દારૂગોળો અને અન્ય સરકારી સામાન છે, તે સ્વેચ્છાએ એક અઠવાડિયામાં સંબંધિત ઈસ્લામિક અમીરાતના અધિકારીઓને સોંપી દે. આ ઉપરાંત આ આદેશનો ઉલ્લંઘન કરનારાને ચેતવણી આપતા કહ્યું કે, જો કોઈ પાસે આ પ્રકારનો સામાન મળી આવશે તો તેમની ઉપર કાર્યવાહી કરવામાં આવશે. ત્યારબાદ હદારો લોકોએ મોટી સંખ્યામાં પોતાના હથિયાર જમા કરાવ્યા હતા. તાલિબાની લડાકુઓએ ઘરે ઘરે જઈને હથિયારોનું સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું અને હથિયારો કબ્જે કર્યા હતા.મોડી સાંજે આ હુમલાની જવાબદારી આતંકી સંગઠન ઈસ્લામિક સ્ટેટે લીધી હતી. સંગઠને પોતાના નશર ન્યૂઝથી ટેલિગ્રામ ચેનલ પર આ વાતની પુષ્ટિ કરી હતી. તેના પહેલાં ૧૬ ઓગસ્ટે કાબુલ એરપોર્ટ પર ફિદાયીન હુમલાની જવાબદારી આતંકી સંગઠન ISIS - ખુરાસાન ગ્રુપે લીધી હતી. આ હુમલામાં ૧૩ અમેરિકી સૈનિક સહિત ૧૭૦ જેટલા લોકો માર્યા ગયા હતા.

ઓસામાનો આર્મ્સ સપ્લાયર અને રાઝદાર અમીન ઉલ હક અફઘાનિસ્તાન પરત ફર્યો

કાબુલ,
અમીનને લાદેન અને અલકાયદાનું સૌથી મોટું આર્મ્સ સપ્લાયર માનવામાં આવે છે. ૨૦૦૮માં તેને પાકિસ્તાનમાંથી પકડવામાં આવ્યો હતો. લાદેનને ઠાર મારવામાં આવ્યા બાદ લગભગ ૬ મહિના પછી તેને છોડી દેવાયો હતો. પાકિસ્તાનની તપાસ એજન્સી અમીન વિરૂદ્ધ કોઈ જ પુરાવા રજૂ કરી શકી ન હતી. હક વર્ષો સુધી લાદેનની સાથે જ હતો અને તેની સુરક્ષાની જવાબદારી સંભાળતો હતો. માનવામાં આવે છે કે ૨૦ વર્ષ તેને પાકિસ્તાનમાં જ પસાર કર્યા છે. તોરાબોરાની ગુફાઓમાં તે લાદેનની સાથે જ ભાગ્યો હતો. અફઘાનિસ્તાન પર તાલિબાનના કબજા બાદ ખુંખાર આતંકીઓ પણ પોતાના ઘરે પરત ફરી રહ્યાં છે. અલકાયદાના પૂર્વ ચીફ ઓસામા બિન લાદેનનો ઘણો જ નજીકનો સાથીદાર અને આર્મ્સ સપ્લાયર અમીન ઉલ હક ૨૦ વર્ષ પછી અફઘાનિસ્તાનના નાંગરહાર પ્રાંત સ્થિત પોતાના ઘરે પરત ફર્યો છે. ૯/૧૧ હુમલા પછી લાદેન તોરાબોરાની ગુફાઓમાં સંતાય ગયો હતો. તે સમયે પણ અમીન તેની સાથે જ હતો. તે પછી તે પાકિસ્તાન જતો રહ્યો હતો. હક એક લક્ઝરી કારમાં જ્યારે નાંગરહાર પરત ફર્યો તો તેના સમર્થકોએ તેનું સ્વાગત કર્યું અને તેને પણ કારની અંદરથી જ તેઓનું અભિવાદન સ્વીકાર્યું. અમીનના કાફલામાં કેટલાંક તાલિબાની આતંકીઓ પણ હતા.અમીનની ઘર વાપસીનો વીડિયો પણ સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યો છે. જેમાં તે એક વ્હાઈટ લક્ઝરી કારમાં નજરે પડે છે. સમર્થકોની ભીડ વચ્ચે કારનો કાચ થોડો ઉતારે છે અને પછી હાથ હવામાં હલાવે છે. બાદમાં એક જુલુસ કાઢીને તેને ઘર પહોંચાડવામાં આવે છે.

અમીન અમેરિકી સેના દ્વારા અફઘાનિસ્તાન છોડવાને માત્ર એક દિવસ પહેલાંજ અફઘાનિસ્તાન પરત ફર્યો છે. તેના પરત ફરવાથી અલ કાયદા ફરી એક વખત શક્તિશાળી બની શકે છે. અમીનની ઘર વાપસીનો વીડિયો પણ સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યો છે. જેમાં તે એક વ્હાઈટ લક્ઝરી કારમાં નજરે પડે છે. સમર્થકોની ભીડ વચ્ચે કારનો કાચ થોડો ઉતારે છે અને પછી હાથ હવામાં હલાવે છે. બાદમાં એક જુલુસ કાઢીને તેને ઘર પહોંચાડવામાં આવે છે.

અમીને અલકાયદામાં સામેલ થયો તે પહેલાં ૧૯૮૦ના દશકામાં સોવિયત સેનાઓ વિરૂદ્ધ પણ જંગ લડી હતી. અમેરિકાએ ૨૦૦૧માં જે ગ્લોબલ ટેરેરિટ્સની યાદી બહાર પાડી હતી તેમાં પણ અમીનનું નામ સામેલ હતું. ઈન્ટેલિજન્સ રિપોટ્સમાં કહેવામાં આવ્યું કે અલકાયદા આગામી ૧૮થી ૨૪ મહિનામાં ફરી મજબૂત બની શકે છે, જે આ દુનિયા માટે નવા ખતરારૂપ હશે. અફઘાનિસ્તાનમાં તાલિબાનની હુકૂમત આવ્યા બાદ આતંકી સંગઠન ફરી એકજૂથ થઈ શકે છે. આમ પણ એક બાજુ જ્યાં ISIS અને તાલિબાન વચ્ચે દુશ્મની છે, તો અલ કાયદા અને તાલિબાન વચ્ચે સારા સંબંધો પણ છે.

ધાનપુરના ધીરજપુરા ગામે બોલેરો ગાડીમાં લઈ જવાતો ૧૦ હજારના સાગી લાકડા ઝડપી પાડતું ફોરેસ્ટ વિભાગ

દાહોદ,
દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના ધીરજપુરા ગામેથી ફોરેસ્ટ કર્મચારીઓએ સ્થાનીક પોલીસને સાથે રાખી એક બોલેરો ફોર વ્હીલર ગાડીમાંથી સાગના કિંમત રૂા.૧૦ હજારની કિંમતના સાગી લાકડા સાથે ગાડીની કિંમત રૂા.બે લાખ ઉપરાંતનો મુદ્દામાલ પોલીસે કબજે કર્યાંનું જાણવા મળે છે. રાત્રી પેટ્રોલીંગમાં મળેલ બાતમીના આધારે ધીરજપુરા ગામે ફોરેસ્ટ અધિકારીઓએ એક બોલેરો ગાડીનો પીછો કરતાં બોલેરો ગાડીમાં સવાર પ્રકાશભાઈ વાદી, રમેશ કલુભાઈ વાદી તથા તેમની સાથે અન્ય એક ઈસમ મળી ત્રણેય જણા સ્થળ પર બોલેરો ગાડી મુકી નાસી હતાં. ફોરેસ્ટ વિભાગના અધિકારીઓએ ગાડીની તલાસી લેતાં તેમાંથી સાત નંગ સાગી લાકડા અંદાજે કિંમત રૂા.૧૦ હજારના સાગી લાકડા સાથે બોલેરો ગાડીની કિંમત મળી કુલ રૂા.૨,૩૫,૦૦૦નો મુદ્દામાલ પોલીસે કબજે કર્યો હતાં. આ મામલે પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

ફતેપુરા તાલુકાના સુખસરમાં

શાકભાજીના વેપારીઓ દ્વારા ગ્રાહકો સાથે છેતરપિંડી કરી આડેધડ વસુલાતા ભાવો

ફતેપુરા,

જીવન જરૂરિયાતની તમામ ચીજવસ્તુઓના ભાવો આસમાને પહોંચ્યા છે.છેલ્લા એક વર્ષ ઉપરાંતથી કોરોના કાળથી પ્રજાને રોજગારી માટે ફાફાં પડી રહ્યા છે.મધ્યમ તથા ગરીબ વર્ગના લોકો અસહ્ય ભાવવધારા સામે તોબા પોકારી રહ્યા છે અનેક પરીવારો બે ટંકના રોટલા ભેગા થવા માટે કણ-કણ ભેગુ કરવા માટે હવાતિયા મારી રહ્યા છે. ત્યારે પ્રાથમિક જરૂરિયાતોની ચીજ વસ્તુઓમાં તોતિંગ ભાવ વધારાના કારણે ન કહી શકાય કે ન સહી શકાય તેવી પરિસ્થિતિ માંથી પસાર થઈ રહ્યા છે અને તેવા જ સમયે કેટલાક તકવાદી તત્વો કેટલીક જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ માં કુત્રિમ ભાવ વધારો કરી જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓમાં પ્રજાની મજબૂરીનો ગેરલાભ ઉઠાવી ખુલ્લેઆમ લૂંટ ચલાવી રહ્યા છે. ત્યારે તેવા તત્વો સામે લાગતા-વળગતા તંત્રો એ સક્રિયતા દાખવવાની ખૂબ જ જરૂરત જણાઈ રહી છે.

હાલ જીવન જરૂરિયાતની તમામ ચીજવસ્તુઓનાં ભાવો વધી ગયા છે. તેની સાથે-સાથે શાકભાજીના પણ ભાવો વધ્યા છે અને તેના માટે વાંધો ન હોઈ શકે.પરંતુ સુખસરમાં શાકભાજીના વેપારીઓ દ્વારા ગરીબ, શ્રમિક,અભણ લોકોની મજબૂરીનો ગેરલાભ ઉઠાવાઈ રહ્યો છે. તેમાં કેટલાક શાકભાજીના વેપારીઓ ગ્રાહક જોઈને ભાવતાલ કરી ભાવો વસુલાત કરી રહ્યા હોવાનું જાણવા મળે છે. તેમજ એકજ શાકભાજીના ભાવ અલગ-અલગ દુકાનો ઉપર જુદા જુદા જોવા મળે છે અને તે પણ ૧ કિલો શાકભાજી પાછળ પાંચથી દસ રૂપિયાનો ફરક જોવા મળે છે. તેમજ કેટલાક શાકભાજીના વેપારીઓ ૧ કિલો શાકભાજીના દાખલા તરીકે ૪૦ રૂપિયા ભાવ બતાવતા હોય છે. જ્યારે ૧ કિલોથી ઓછી શાકભાજી ખરીદતા આ શાકભાજી ૫૦ થી ૬૦ રૂપિયામાં ગ્રાહકને પડતી હોય છે. આમ શાકભાજીના વેપારીઓ ગ્રાહકને વધુ શાકભાજી ખરીદવા મજબૂર બનાવી ઘોળા દિવસે લૂંટી રહ્યા છે. તેમજ કેટલાક શાકભાજી તથા ફળફળાદી ના વેપારીઓ દિવસો કે અઠવાડિયાઓની આરોગ્યને હાનિકારક શાકભાજી તથા ફળ ફળાદીનું પણ વેચાણ કરતા જોવા મળે છે. જોકે આ વેપારીઓને ઉની આંચ પણ આવતી નથી. અને તેઓને અંકુશમાં લાવવા કોઈ તંત્ર સક્રિય હોય તેવું જણાતું નથી.

- એકજ શાકભાજીના અલગ-અલગ દુકાને જુદા-જુદા ભાવ વસુલાત કરવામાં આવી રહ્યા છે.
- દર ગુરૂવારના હાટ બજારમાં શાકભાજીના વેપારીઓ ગ્રાહકોને વજનમાં પણ છેતરપિંડી કરતા હોવાની ઉઠેલી બુમો.
- સુખસરમાં કેટલાક વેપારીઓ બગડેલા શાકભાજી તથા ફળફળાદી વળગાડી ગરીબ પ્રજાના આરોગ્ય સાથે ખિલવાડ કરી રહ્યા છે.

સુખસરમાં દર ગુરૂવારે ભરાતા હાટ બજારમાં શાકભાજીના વેપારીઓ દ્વારા ખુલ્લેઆમ લૂંટ ચલાવવામાં આવે છે

સુખસરમાં દર ગુરૂવારે હાટ બજાર ભરાય છે.તેમાં સ્થાનિક સહિત બહારથી પણ શાકભાજીના વેપારીઓ મોટી સંખ્યામાં આવે છે. તેમાં કેટલાક વેપારીઓ દ્વારા ગ્રામ્ય વિસ્તારની ભોળી પ્રજાને તોલમા પણ ૧ કિલો શાકભાજી ખરીદતા ૧૦૦ થી ૨૦૦ ગ્રામ ઓછી આપી વજનમાં પણ છેતરપિંડી કરવામાં આવતી હોવાની બૂમો ઉઠી રહી છે. ત્યારે સુખસરમાં દર ગુરૂવારે ભરાતા હાટબજારની લાગતા-વળગતા તંત્ર દ્વારા તપાસ હાથ ધરવામાં આવે તે પણ ખાસ જરૂરી છે. બીજી બાજુ જાણકારોના મતે કોરોનાની ત્રીજી લહેર સંભવિત હોવાનું જણાવાય છે,ત્યારે શાકભાજીના વેપારીઓ સહિત ગ્રાહકો માસ્ક તથા સોશિયલ ડીસ્ટન્સ ના ધજાગરા ઉડાવતા નજરે પડી રહ્યા છે. તે બાબતે પણ ધ્યાન આપવાની જરૂરત છે.

ભાવ વધારા ઉપર અંકુશ લાવવા આગળ આવી અવાજ ઉઠાવવા કોઈ માઈનો લાલ પાક્યો નથી.!

છેલ્લા એક વર્ષથી કોરોના કાળ દરમ્યાનથી મોટાભાગની ગરીબ, શ્રમિક અને મધ્યમ વર્ગની પ્રજાને પરિવારનુ ભરણપોષણ કરવા માટે વંશ પરંપરાગત અને આવડત સિવાયના કોઈપણ પ્રકારનો ધંધો કરી પરિવારનું ભરણપોષણ કરવા મજબુર બનવું પડ્યું છેઅને તેવા સમયે પડતા ઉપર પાટુ પડ્યું હોય તેમ જીવન જરૂરિયાતની તમામ ચીજવસ્તુઓના ભાવ એક વર્ષ અગાઉની દ્રષ્ટિએ જોતા બેથી ત્રણ ગણા વધી ચુક્યા છે અને તેની અસર ગરીબ,શ્રમિક અને મધ્યમ વર્ગના લોકોનું જીવવું દુષ્કર કરી દીધું છે અને છતાં પણ પ્રજા મૂંગા મોઢે સહન કરી હા માં હા મેળવી શોષણનો શિકાર બની રહી છે. છતાં આવા સમયે પ્રજાનો કોઈ બેલી પાક્યો હોય તેવો ક્યાંય શોધ્યો જડતો નથી.!!

સુખસરમાં શાકભાજીના વેપારીઓ હાઈવે માર્ગની બાજુમાંજ બેસી ધંધો કરતા હોય મોટી જાનહાનિ ની રાહ જોતું તંત્ર...??

સુખસર ગામ ધંધાર્થીઓથી દિન-પ્રતિદિન આગળ ધપી રહ્યું છે. તેમજ દિવસ દરમિયાન બસ સ્ટેશન વિસ્તારથી આસપુર ચોકડી સુધીના હાઈવે માર્ગ ઉપર હજારો રાહદારી લોકો અને સેંકડો નાની-મોટી ગાડીઓ ની અવરજવર રહે છે.ત્યારે આ હાઈવે માર્ગની સાઈડમાંજ શાકભાજી ના વેપારીઓ પોતાનો ધંધો કરવા બેસી જતા હોય ટ્રાફિકની સમસ્યા પણ દરરોજની રહે છે.તેમજ બસ સ્ટેશન આસપાસમાં પણ ધંધાર્થીઓ દ્વારા હાથલારીઓ ઉભી કરી દેવાતા અને ખાનગી વાહનો જમાવડો થતાં ટ્રાફિકની સાથે અવર-જવર કરતી એસ.ટી બસો અને મુસાફરોને તકલીફ પડી રહી છે.છતાં તે બાબતે તંત્ર મૌન સેવી રહ્યું છે.જ્યારે આ હાઈવે માર્ગની સાઈડમાં વેપારીઓ દ્વારા શાકભાજી વિગેરેની દુકાનો ઊભી કરી દેવામાં આવતા ક્યારેક મોટી જાનહાનિ થવાનો ભય સતાવી રહ્યો છે.ત્યારે આવા ધંધાર્થીઓની મોટી જાનહાનિ થવાની તંત્ર દ્વારા રાહ જોવાતી હોય તેવું જણાઈ રહ્યું છે.રાત દિવસ પ્રજા તથા વાહનોથી ભરચક રહેતા સુખસર બસ સ્ટેશનથી આસપુર ચોકડી સુધીના હાઈવે માર્ગની સાઈડમાં દિવસ દરમિયાન થતા દબાણો દૂર કરી આ ધંધાર્થીઓને આસપુર ચોકડીથી બેંક ઓફ બરોડા રોડ પર લાવી જે ધંધો કરી શકાય તેમ છે.

દાહોદ જીલ્લામાં ત્રણ અલગ-અલગ અકસ્માતના બનાવમાં ચાર વ્યક્તિના મોત

દાહોદ,

દાહોદ જિલ્લામાં ત્રણ જુદી જુદી જગ્યાએ વાહન ચાલકોની ગફલતના કારણે સર્જાયેલ માર્ગ અકસ્માતના ત્રણ બનાવોમાં ચાર જણાના અકાળે મોતને પગલે પરિવારમાં માતમ છવાઈ ગયો હતો. જ્યારે એક-બે વ્યક્તિઓને ઈજાઓ થતાં તેઓને સારવાર હેથળ ખસેડાયાનું જાણવા મળે છે.

માર્ગ અકસ્માતનો પ્રથમ બનાવ દેવગઢ બારીઆ તાલુકાના પીપલોદ ગામે ઓવરબ્રીજ પાસે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૨૪મી ઓગષ્ટના રોજ એક અલ્ટો ફોર વ્હીલર ગાડીના ચાલકે પોતાના કબજાની ફોર વ્હીલર ગાડી પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી દેવગઢ બારીઆ તાલુકાના મોટીઝરી વચલુ ફળિયામાં રહેતાં ગુલાબભાઈ શનાભાઈ પટેલ તથા તેમની સાથે મોટરસાઈકલ પર બેઠેલ નરવતભાઈ બુધાભાઈ પટેલને અડફેટમાં લેતાં બંન્ને જણા મોટરસાઈકલ પરથી ફંગોળાઈ જમીન પર પટકાતાં બંન્નેને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં બે પૈકી ગુલાબભાઈને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેનું મોત નીપજ્યું હતું જ્યારે નરવતભાઈને શરીરે ઈજાઓ પહોંચતાં તેઓને નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં હતાં. આ સંબંધે મોટીઝરી ગામે વચલુ ફળિયામાં રહેતાં દિલીપભાઈ ગુલાબભાઈ પટેલે પીપલોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

માર્ગ અકસ્માતનો બીજો બનાવ દેવગઢ બારીઆ તાલુકાના અસાયડી ગામે નેશનલ હાઈવે ખાતે બનવા પામ્યો હતો જેમાં એક પીકઅપ ફોર વ્હીલર ગાડીના ચાલકે પોતાના કબજાની ફોર વ્હીલર પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી તે સમયે ત્યાંથી મોટરસાઈકલ પર સવાર થઈ રહેલ દેવગઢ બારીઆ તાલુકાના ભથવાડા ગામે પુજારીયા ફળિયામાં રહેતાં વિજયભાઈ ચંન્દ્રસિંગ કોળી, લાલાભાઈ તેરાભાઈ, કિશનભાઈ લાલાભાઈ કોળી તથા મનોજભાઈ રમેશભાઈ કોળીને અડેફેટમાં લેતાં ચારેય જણાને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેઓને તાત્કાલિક નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં હતા. જ્યાં લાલાભાઈ તેરાભાઈ અને કિશનભાઈ રમેશભાઈ કોળી બંન્નેના સારવાર દરમ્યાન મોત નીપજતાં આ સંબંધે વિજયભાઈ ચંદ્રસિંહ કોળીએ પીપલોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

માર્ગ અકસ્માતના ત્રીજો બનાવ ઝાલોદ તાલુકાના ધોળાખાખરા ગામે બનવા પામ્યો હતા જેમાં ગત તા.૨૫મી ઓગષ્ટના રોજ દિનેશભાઈ તાનસીંગભાઈ ડામોર (રહે. ચાકલીયા, તળાવા ફળિયાં, તા.ઝાલોદ, જિ.દાહોદ) પોતાના કબજાની મોટરસાઈકલ લઈ ધોળાખાખરા ગામેથી પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી પસાર થઈ રહ્યાં હતાં. આ દરમ્યાન મોટરસાઈકલ પરના સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી દેતાં મોટરસાઈકલ સ્લીપ ખાઈ ગઈ હતી અને જેને પગલે દિનેશભાઈ મોટરસાઈકલ પરથી ફંગોળાઈ જમીન પર પટકાતાં તેઓને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેઓને નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં હતા. જ્યાં સારવાર દરમ્યાન દિનેશભાઈનું મોત નીપજતાં આ સંબંધે ચાકલીયા, તળાવા ફળિયામાં રહેતાં કનુભાઈ વિરસીંગભાઈ ડામોરે ચાકલીયા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

દાહોદ તાલુકાના જેકોટ ગામે અમદાવાદ ઈન્દોર હાઈવે પર ધૂમ્મસ જેવુ વાતાવરણ

તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ તાલુકાના જેકોટની આજુબાજુ સવારના સમયે ધૂમ્મસ જેવુ વાતાવરણ સર્જાતા અમદાવાદ ઈન્દોર હાઈવે પર વાહન ચાલકોને ભારેહાલાકીનો સામનો કરવો પડ્યો આમાં અકસ્માત સર્જાવાનો ભયહોવાથી વાહન ચાલકો સવારના સમયે પણ વાહનોના લાઈટ ચાલુ રાખી નીકળતા જોવા મળ્યા હતા અને લોકોમાં એવું ચર્ચાય રહ્યું હતું કે, આ ધૂમ્મસ પડે ત્યારે એના પછી વરસાદ આવતો નથી તો એમનું કહેવું સાચું નીકળ્યું તો ઉનાળાની ઋતુમાં ખેડૂતોને પાણી માટે બહુ મોટી હાલાકીનો સામનો કરવો પડે તેવી પણ લોકમુખે ચર્ચાઈ રહ્યું હતું.

દાહોદ જીલ્લામાં પાંચ જુગારધામ ઉપર રેડ કરી ૩૫ જુગારીયાને ઝડપ્યા

દાહોદ,

દાહોદ જિલ્લામાં પાંચ જુદા જુદા સ્થળોએ રમાતા જુગાર ધામ પર પોલીસે ઓંચિતાં છાપા મારી રોકડા રૂપીયા ૭૮ હજારની રોકડ રકમ સાથે ૩૫ જેટલા જુગારીઓને ઝડપી પાડ્યાંનું જ્યારે મોબાઈલ ફોન પણ કબજે કર્યાંનું જાણવા મળે છે. જુગાર ધામ પર છાપાનો પ્રથમ બનાવ ફતેપુરા પોલીસે બાર સલેડા ગામે ખુલ્લામાં રમાતા જુગારધામ પર ઓચિંતો છાપો મારી રૂા.૧૬.૮૧૦ની રોકડ રકમ સાથે ૧૭ જુગારીઓને ઝડપી પાડ્યાં હતા તથા સીગવડ ગામે મસ્જીદની બાજુમાં ખુલ્લામાં જાહેરમાં રમતા જુગાર પર પણ પોલીસે ઓચિંતો છાપો મારી રૂા.૨૨,૭૬૮ની રોકડ રકમ સાથે ત્રણ મોબાઈલ ફોન સાથે પાંચ જુગારીઓને ઝડપી પાડ્યાં હતાં. દેવગઢ બારીઆ તાલુકાના કાપડી મછી ફળિયામાં રમાતા જુગારધામ પર પોલીસે રેડ કરી રૂા.૧૬,૪૦૦ની રોકડ રકમ સાથે ચાર જુગારીઓને ઝડપી પાડ્યાં હતાં. દેવગઢ બારીઆ તાલુકાના ડાંગરીયા ગામે પીટીસી કોલેજ ફળિયામાં ખુલ્લામાં જાહેરમાં રમતા જુગારધામ પર પોલીસે ઓંચિતી રેડ કરી રૂા.૧૦,૧૦૦ની રોકડ રકમ સાથે ચાર જુગારીઓને ઝડપી પાડ્યાં હતાં. દાહોદ શહેરમાં આવેલ ગરબાડા ચોકડી, શાક માર્કેટમાં રમાતા જુગાર ધામ પર પણ પોલીસે ઓચિંતો છાપો મારી ૦૫ જુગારીઓને ઝડપી પાડી રોકડા રૂપીયા ૧૨,૪૦૦ની રોકડ રકમ કબજે કરી હતી. આ સમગ્ર મામલે જે તે પોલીસ મથકે ફરિયાદ નોંધાતાં પોલીસે જુગારીઓ વિરૂધ્ધ જુગાર ધારાની કલમ મુજબ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

દાહોદ શહેર માંથી બે બાઈકોની ચોરી કરતા વાહન ચોરો

દાહોદ,

દાહોદ શહેરમાંથી એક સાથે બે મોટરસાઈકલોની ઉઠાતરી થતાં દાહોદ શહેરમાં વાહન ચાલકોમાં ફફડાટ સાથે રોષની લાગણી પ્રસરી જવા પામી છે. દાહોદ શહેરમાં જુની કચેરી કસ્બા વિસ્તાર ખાતે રહેતાં અબ્દુલ રઝાક ઝુલ્ફીકાર શબ્જીફરોસ અને મોહમ્મદ કાસીમ શેખ આ બંન્ને વ્યક્તિઓએ પોત પોતાની મોટરસાઈકલ પોતના ઘરના આંગણે લોક મારી પાર્ક કરી હતી. આ મોટરસાઈકલને કોઈ અજાણ્યા ઈસમોએ પોતાનો કસબ અજમાવી બંન્ને મોટરસાઈકલોની ગત તા.૨૮મી ઓગષ્ટના રોજ ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધે પોલીસમાં અબ્દુલ રઝાક ઝુલ્ફીકાર સબ્જીફરોજ દ્વારા દાહોદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

દાહોદ જીલ્લા અને શહેરમાં કૃષ્ણ જન્મ મહોત્સવ ધામધૂમ પૂર્વક ઉજવાયો

દાહોદ,

કોરોનાની ત્રીજી લહેરની આશંકાઓ વચ્ચે દાહોદ શહેર સહિત જિલ્લાવાસીઓએ પુર્ણ પુરૂષોત્તમ એવા ભગવાન કૃષ્ણના જન્મોત્સવની મંદિરમાં દર્શન કરી ઉત્સાબભેર અને આનંદો સાથે ઉજવણી કરી હતી.

આમ તો, દાહોદમાં જન્માષ્ટમી પર્વે મેળો ભરાતો હોય છે પરંતુ છેલ્લા બે વર્ષના સમયગાળા દરમ્યાન કોરોના વૈશ્વિક મહામારીને કારણે દાહોદ શહેર સહિત જિલ્લામાં અનેક નાના મોટા ભરાતાં મેળાઓ ઉપર પ્રતિબંધ લાગતાં છેલ્લા બે વર્ષથી આઠમ એટલે કે, જન્માષ્ટમીના મેળા ભરાતાં નથી તે સાથે શહેર સહિત જિલ્લામાં નાના મોટા મટકી ફોડ કાર્યક્રમો પણ યોજાતાં હતાં પરંતુ કોરોના વૈશ્વિક મહામારીને કારણે આ મટકી ફોડ કાર્યક્રમો ઉપર પણ પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે ત્યારે મટકી ફોડ કાર્યક્રમો ન યોજાતાં ખાસ કરીને નાના ભુલકાઓમાં નિરાશા વ્યાપી હતી પરંતુ આવા ભુલકાઓ દ્વારા પોત પોતાના ઘરે નાના કાર્યક્રમો યોજી મટકી ફોડી હતી. બરાબર રાત્રીના બાર વાગ્યે ભગવાન કૃષ્ણનો જન્મ થતાંજ ઘંટાવદથી મંદિરો ગુંજી ઉઠ્યાં હતાં અને નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયાલાલ કી, ના નાદથી સમગ્ર વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. કૃષ્ણના જન્મના દર્શન માટે તળાવ ચોક સ્થિત ગોવર્ધનનાથજી હવેલી તેમજ શહેરના અન્ય મંદિરોમાં પણ ભગવાન કૃષ્ણના દર્શન માટે શ્રધ્ધાળુઓની ભારે ભીડ જામી હતી. તમામ મંદિરોમાં કોરોના અંગેના સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલ જાહેરનામાનો ચુસ્તપણે અમલ કરવામાં આવ્યો હતો. શહેરી ગોવર્ધનનાથજી હવે તથા ગોકુળનાથજી હવેલીમાં નંદ મહોત્સવના દર્શન માટે વૈષ્ણવોની ભારે ભીડ નજરે પડી હતી.

સંજેલી તાલુકામાં કૃષ્ણ જન્મોત્સવની ઠેરઠેર ઉજવણી

તસ્વીર : ફરહાન પટેલ, સંજેલી

સંજેલી,

ભગવાન કૃષ્ણના જન્મોત્સવ તરીકે ઉજવતા જન્માષ્ટમીની ઉમંગથી સંજેલી તાલુકામાં વાંસિયા, ગોવિંદા તળાઈ, ઉચ્ચક ધામ ઢાળ સીમળ, સંજેલી જેવા અલગ અલગ સ્થળ પર ઠેરઠેર મટકીફોડની ઉજવણી કરવામાં આવી. કૃષ્ણના જન્મ નિમિત્તે ઉજવાતા જન્માષ્ટમી એક મહત્વપૂર્ણ ધાર્મિક તેમજ સંસ્કૃતી એક ઉત્સવ છે. નંદ ઘેરો નંદ ભયો જય કનૈયા લાલ કી જન્માષ્ટમી વર્ષોથી આ પર્વની ઉજવણી આનંદ માણી ઉત્સવ રીતે ઉજવતા હોય છે. સંજેલી તાલુકામાં કૃષ્ણ મહોત્સવની ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી. કૃષ્ણના જન્મદિવસે મંદિરે દર્શન પૂજા અર્ચના ઉપવાસ ભજન કીર્તન કરી સાંસ્કૃતિક કાર્યક્રમો ઉજવતા હોય છે. કૃષ્ણનો જન્મ શ્રાવણ માસના આઠમના દિવસે થયો હતો. કૃષ્ણના જન્મનો સમય રાત્રિના ૧૨ કલાકે શ્રાવણ માસમાં જન્મ થયો હતો. આ શ્રાવણ વર્ષના માસમાં કૃષ્ણનો જન્મ ખૂબ જ મહત્વનો સંકેત છે. સંજેલી નગરમાં ઠેર-ઠેર જન્માષ્ટમી અને ગોકુળાષ્ટમી ઉજવણી કરવામાં આવી. વાંશિયા, ગોવિંદ તલાઈ, ઉંચેક ધામ ઢાળસીમાળ, સંજેલીમા મટકી ફોડી જન્માષ્ટમી ઢોલ નગારા વગાડી વાસળીના તાલે ધામધૂમથી જન્મોત્સવ ઉજવવામાં આવ્યો હતો. જેમાં સંજેલી તાલુકાના ભક્તો કૃષ્ણ જન્માષ્ટમીના કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી વિવિધ સ્થળે કૃષ્ણ અને રાધાજીની પ્રતિમા સ્થાપિત કરી તેઓની ભક્તિ કાર્યક્રમમાં આનંદનો ઉત્સવ કૃષ્ણ ભક્તોમાં જોવા મળ્યો. વર્ષોથી પરંપરા મુજબ મટકી ફોડ કાર્યક્રમ યોજાયો હતો.

દાહોદ જિલ્લાના સંજેલી તાલુકાના કોટા ગામે આદિવાસી સમાજના લોકોએ ભેગા મળીને જન્માષ્ટમી પર્વની ઉજવણી કરી હતી. ભજન, કીર્તન, પાઠ પૂજા કરી વ્યસન, મુક્તિ તેમજ સમાજ સુધારાની ચર્ચા કરવામાં આવી હતી અને ગામની એકતા-ભાઈચારો કેળવાય તે અર્થ સત્સંગ વિગેરેના કાર્યક્રમ રાખવામાં આવ્યા હતા. કોટા ગામના આગેવાનો, યુવાનોએ જોડાયા હતા.

દાહોદ જિલ્લાના લીમડી ગામમાં રહેતા કરણાવત પરીવાર દ્વારા જન્માષ્ટમી નિમિત્તે કોરોનાને ધ્યાનમાં રાખીને ઘરમાં જ નાના બાળકો એ જન્માષ્ટમીની ઉજવણી કરી નંદ ઘેર આનંદ આયો જય કનૈયા લાલકી હર્ષોલ્લાસ સાથે

દેવગઢ બારીયા ખાતેની ઔદ્યોગિક તાલીમ સંસ્થામાં પ્રવેશ મેળવવા ઉમેદવારોએ ૧૦ સપ્ટેમ્બર સુધીમાં અરજી કરવાની રહેશે

દાહોદ,

દેવગઢ બારીયા ખાતેની ઔદ્યોગિક તાલીમ સંસ્થામાં પ્રવેશસત્ર ૨૦૨૧ માં પ્રથમ તબક્કાનાં અંતે ખાલી રહેલી બેઠકો પર બીજા તબક્કામાં ઓનલાઈન પ્રવેશની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. ઉમેદવારો માટે પ્રવેશ ફોર્મ આઇ.ટી.આઇ. ખાતે રૂબરૂ રજીસ્ટર કરવાની છેલ્લી તા. ૧૦ સપ્ટેમ્બર છે. તેમજ મેરીટ લીસ્ટ આગામી તા. ૧૨ સપ્ટેમ્બરે પસિદ્ધ થશે. રૂબરૂ મુલાકાત તા. ૧૩ થી ૧૫ સપ્ટેમ્બર દરમિયાન યોજાશે. જેથી પ્રવેશ મેળવવા ઇચ્છતાં ઉમેદવારો ઓનલાઇન ફોર્મ રોજગાર અને તાલીમ ખાતાની વેબસાઇટ http://itiadmission.gujarat.gov.in પરથી ભરી શકશે. દેવગઢ બારીયાના આચાર્યએ એક યાદીમાં ઉક્ત માહિતી આપી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.08

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

શહેરાના હોળી ચકલા વિસ્તારના

૧૩ વર્ષીય કિશોરનું શંકાસ્પદ ડેન્ગ્યુ થી મોત થતાં નગરજનોમાં ફફાડાટ

શહેરા,

શહેરા નગરના હોળી ચકલા વિસ્તારમાં રહેતા ૧૩ વર્ષના માસુમ બાળકનું શંકાસ્પદ ડેન્ગ્યુથી મોત થતાં નગરજનોમાં ફફડાટ ફેલાયો છે.આરોગ્ય વિભાગ દ્વારા સર્વેની કામગીરી હાથધરી હતી. જ્યારે પાલિકા તંત્ર દ્વારા સફાઈ, દવા છંટકાવ તેમજ ફોગીંગ કામગીરી હાથ ધરાઈ હતી.

છેલ્લા કેટલાક દિવસથી રાજ્યમાં કેટલીક જગ્યાએ મચ્છર જન્ય રોગચાળાના કેસો વધી રહ્યા છે, જેમાં ડેન્ગ્યુ અને ચિકનગુનિયા જેવા રોગો બાળકોમાં વધુ જોવા મળ્યા છે. ત્યારે પ્રાપ્ત માહિતી અનુસાર પંચમહાલ જિલ્લાના શહેરા નગરમાં આવેલ હોળી ચકલા વિસ્તારમાં રહેતા મયુરકુમાર શાહના અંદાજિત ૧૩ વર્ષના પુત્ર પ્રનીલને બે દિવસ પહેલા તાવ આવતા તેને શહેરા ખાતે આવેલ ખાનગી હોસ્પિટલમાં તેના પરિવારજનો સારવાર અર્થે લઈ ગયા હતા પરંતુ પ્રનીલની હાલતમાં સુધારો ન આવતા તેને ગોધરા ખાતે પણ સારવાર અર્થે લઈ જવામાં આવ્યો હતો. જ્યાં પણ સારવાર દરમિયાન હાલત નાજુક જણાતા પ્રનીલને ગોધરા થી વડોદરા ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. ત્યાં દવા સારવાર શરૂ કરાવી રિપોર્ટ કરાવાતા પ્રનીલને શંકાસ્પદ ડેન્ગ્યુ ના લક્ષણો હોવાનું સામે આવ્યું હતું. ત્યારે સોમવારે મોડી રાત્રિના અંદાજિત દોઢ થી પોણા બે વાગ્યાના સુમારે પ્રનીલનું શંકાસ્પદ ડેન્ગ્યુના કારણે ટૂંકી સારવાર દરમિયાન મોત થયું હતું. જેથી મૃતક બાળકને શહેરા ખાતે લાવી અંતિમ વિધિ કરવામાં આવી હતી. જોકે શંકાસ્પદ ડેન્ગ્યુના કારણે ૧૩ વર્ષીય બાળકનું મોત થતા શાહ પરીવાર મા ઘેરો શોક છવાયો હતો. શંકાસ્પદ ડેન્ગ્યુથી બાળકનું મોત થયું હોવાનું સામે આવતા આરોગ્ય અને પાલિકા તંત્ર હરકતમાં આવ્યું હતું. આરોગ્ય વિભાગ દ્વારા સર્વેની કામગીરી હાથ ધરાઈ હતી. જ્યારે પાલિકા દ્વારા આ વિસ્તારમાં સફાઈ, દવા છંટકાવ તેમજ ફોગીંગની કામગીરી હાથ ધરાઈ હતી. બીજી તરફ રોગચાળો ન ફેલાય તે માટે પાલિકા તંત્ર દ્વારા શહેરા નગરના તમામ વિસ્તારોમાં સફાઈ કરાવવામાં આવે તેમજ આરોગ્ય વિભાગ દ્વારા પણ જરૂરી કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે. કોરોનાની ત્રીજી લહેર આવવાની શક્યતા વચ્ચે ડેન્ગ્યુનો કહેર નગર અને તાલુકામાં જોવા મળતા આરોગ્ય વિભાગ અને અન્ય સંબંધીત તંત્ર આ બાબતને ગંભીરતાથી લેવામાં આવે તે પણ હાલની પરિસ્થિતિને જોતા અંત્યત જરૂરી છે.

તસ્વીર : તુષાર દરજી, શહેરા

- શંકાસ્પદ ડેન્ગ્યુમાં મોત બાદ પાલિકા તંત્ર સફાળું જાગ્યું.
- શહેરામાં ચિકનગુનિયા, ડેન્ગ્યુ જેવા રોગો માટ સર્વે હાથ ધરાયું.

શહેરાના હોળ ચકલા ફળીયાના ૧૩ વર્ષીય કિશોરનું શંકાસ્પદ ડેન્ગ્યુને લઈ સારવાર દરમિયાન મોત થતાં આરોગ્ય વિભાગ દોડતું થયું છે અને સર્વેની કામગીરી હાથ ધરી છે.

શહેર નગરમાં મચ્છર ઉપદ્રવ વધ્યો છે અને મચ્છરજન્ય રોગચાળો ધીમે પગલે ભરડો લઈ રહ્યા છે છતાં પાલિકા તંત્ર દ્વારા મચ્છર ઉપદ્રવ ઘટાડવા માટે દવા છંટકાવ કે ફોગીંગની કામગીરી કરવામાં બેદરકારી દાખવી છે. જેના પરિણામે હોળી ચકલા વિસ્તારના કિશોરનું શંકાસ્પદ ડેન્ગ્યુમાં મોત નિપજાવા પામ્યું છે. હવે રોગચાળો ભરડો લે તે પહેલા પાલિકા તંત્ર કાર્યવાહી કરે તે જરૂરી છે.

શહેરા પાલિકા વિસ્તારના હોળી ચકલા ફળીયામાં રહેતા ૧૩ વર્ષીય કિશોરનું શંકાસ્પદ ડેન્ગ્યુની બિમારી થી સારવાર દરમિયાન મોત નિપજાવા પામ્યું છે. શંકાસ્પદ ડેન્ગ્યુમાં કિશોરના મોતના પગલે પાલિકા તંત્ર હરકતમાં આવ્યું અને દવા છંટકાવ અને ફોગીંગની કામગીરી હાથ ધરવામાં આવી છે.

ગોધરાના સદ્ભાવના મિશન કલાસના મુસ્લીમ શિક્ષકે બાળકો સાથે જન્માષ્ટમીના પર્વની ઉજવણી કરી

ગોધરા,

ગોધરા શહેરના બહારપુરામાં છેલ્લા ૧૪ વર્ષથી સદ્ભાવના મિશન કલાસના મુસ્લીમ શિક્ષક દ્વારા ૧૬૦ જેટલા બાળકોને મફત શિક્ષણ કોચિંગ કલાસ ચલાવવામાં આવે છે. મુસ્લીમ શિક્ષક દ્વારા હિન્દુ તહેવારો બાળકો સાથે ઉત્સાહભેર ઉજવણી કરતાં હોય છે. જન્માષ્ટમી એ કૃષ્ણ જન્મ મહોત્સવની ઉજવણી કરવામાં આવી છે.

ગોધરાના બહારપુરા વિસ્તારમાં છેલ્લા ૧૪ વર્ષથી સદ્ભાવના મિશન કલાસ દ્વારા ગરીબ અને જરૂરીયાતમંદ બાળકોને મફત શિક્ષણ મુસ્લીમ શિક્ષક દ્વારા પુરુ પાડવામાં આવે છે. સદ્ભાવના મિશન કલાસમાં ૧૬૦ જેટલા બાળકો કોચિંગ કલાસ થી અભ્યાસ કરેલ છે. મુસ્લીમ શિક્ષક ઈમરાન દ્વારા બાળકોમાં ધાર્મિક ભાવના જળવાઈ રહે તેવા પ્રયાસો પણ કરવામાં આવતા હોય છે. હિન્દુ ધર્મના તહેવારોની બાળકો સાથે ઉત્સાહભેર ઉજવણી કરાતી હોય છે. શિક્ષક દ્વારા ગત રોજ જન્માષ્ટમીના પર્વની ઉજવણી કરવામાં આવી હતી. ભગવાન કૃષ્ણના જન્મ મહોત્સવ માટે બાળકોને બાળ ગોપાલ ભગવાન કૃષ્ણની વેશભૂષા સાથે બાળકો અને મહિલાઓએ મટકી ફોડનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. બાળકો કૃષ્ણ જન્મ મહોત્સવના પર્વની ઉજવણી કરી ખુશ થયા હતા. જ્યારે સદ્ભાવના મિશન કલાસના મુસ્લીમ શિક્ષક દ્વારા બાળકોને હિન્દુ ધર્મના તહેવારોની ઉજવણી કરાવીને કોમી એકતાનું ઉત્તમ ઉદાહરણ પુરું પાડયું છે.

તસ્વીર : આસીફ ધંત્યા, ગોધરા

શહેરાના મિઠાલી ગામ ખાતે પંદર વર્ષીય દીકરાએ ઝાડ ઉપર આપઘાત કર્યા બાદ માતાએ પણ જીવન ટૂંકાવી દીધું

શહેરા,

શહેરાના મીઠાલી ગામના પટેલ ફળિયામાં માતાના ઠપકાથી ૧૫ વર્ષીય પુત્રએ બોરના ઝાડ ઉપર ફાંસો ખાઈને લટકી જતા તેજ ઝાડ ઉપર માતા એ પણ દોરડા વડે ગળે ફાંસો ખાઈ જીવન ટૂંકાવી દેતા ચકચાર મચી જવા પામી હતી. જ્યારે પોલીસ સમક્ષ મૃતકના પિયર પક્ષ દ્વારા માતા અને દીકરાની હત્યા કરાઈ હોવાનો આક્ષેપ કરાયો છે.

શહેરા તાલુકાના મિઠાલી ગામના પટેલ ફળિયામાં રહેતા રમેશભાઈ ખેતી કામ કરીને પોતાનુ ગુજરાન ચલાવે છે. સોમવારની સાંજે મનહર ને પોતાની માતા લલિતાએ સાઈકલ ફેરવવા ને લઈને ઠપકો આપતા તે ગુસ્સામાં આવીને પોતાના ખેતર તરફ જતો રહયો હતો. મંગળવારની સવારમાં લલીતા કુદરતી હાજતે ગઈ ત્યારે ખેતરમાં આવેલ બોરના ઝાડ ઉપર પોતાના પુત્ર ૧૫ વર્ષીય મનહર ગળે ફાંસો ખાધેલી હાલતમાં લટકતો જોવા મળ્યો હતો. જેથી માતા લલિતા એ પણ પોતાના દીકરાને ઝાડ ઉપર લટકતા જોઈને તેને બોર ના ઝાડ ઉપર દોરડા વડે ગળે ફાંસો ખાઈને જીવન ટૂંકાવી દીધું હતું. રમેશ એ પોતાની પત્ની કુદરતી હાજત થી પરત નહીં આવતા તે પોતાના ખેતરમાં જતા તેને પોતાની પત્નીનીને ઝાડ ઉપર લટકી જોઈ હતી. સાથે દીકરાની લાશ પણ જોતા તેને બુમાં બૂમ કરતા આજુબાજુ માંથી બધા દોડી આવ્યા હતા. માતા અને દીકરાની લાશ ને પોતાના ઘરે લઈ જઈને ઘટનાની જાણ પોલીસ ને કરી હતી. પોલીસ મથકના પોલીસ ઈન્સ્પેક્ટર નીતિન ચૌધરી સહિતનો પોલીસ સ્ટાફ બનાવ સ્થળે પહોંચી જઈને જરૂરી કાર્યવાહી હાથધરી હતી.પોલીસે બનાવની જાણ મૃતકના પિયર પક્ષ નાડા ગામ ખાતે કરતા તેઓ બનાવ સ્થળ ખાતે આવી પહોંચયા હતા. મૃતકના ભાઈ ભૂપત બારીઆ એ પોતાની બહેન લલિતા અને ભાણા મનહરની હત્યા કરાઈ હોવાનો આક્ષેપ કર્યો હતો. પોલીસ દ્વારા માતા અને દિકરાની લાશને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખાતે લાવવામાં આવી હતી. બનેલા બનાવને લઈને સ્થળ ઉપર મોટી સંખ્યામાં સ્થાનિક ગ્રામજનો સાથે મૃતકના સગા સંબંધીઓ ઉમટી આવ્યા હતા. પોલીસ ઈન્સ્પેક્ટર નિતીન ચૌધરી દ્વારા પરિસ્થિતિને ધ્યાનમાં લઈને મૃતકના ઘરે પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. પી.એમ રિપોર્ટ આવ્યા બાદ ખબર પડશે કે માતા અને દીકરાની હત્યા થઈ છે કે પછી તેઓ એ આપઘાત કર્યો છે. પોલીસ મથક ખાતે બનેલ આ બનાવને લઈને અકસ્માત મોતનો ગુનો નોંધીને વધુ તપાસના ચકો ગતિમાન કર્યા હતા.

તસ્વીર : તુષાર દરજી, શહેરા

વૈજનાથ મહાદેવ મંદિર ઘોઘંબા ખાતે શ્રાવણ માસમાં માનવ મહેરામણથી ખીલી ઉઠતો જન્માષ્ટમીનો મેળો આ વર્ષે પણ સ્વયંભૂ બંધ

ઘોઘંબા,

ઘોઘંબા ગામે વર્ષો પુરાણું વૈજનાથ મહાદેવનું મંદિર આવેલું છે. આ મંદિરે ઘોઘંબા તાલુકાના આજુબાજુના લોકો માટે આસ્થાનું પ્રતિક સમું ગણાય છે. ભગવાન વૈજનાથ મહાદેવ સ્વયંભૂ પ્રગટ થયેલ છે. વર્ષોથી ઋતુમાં સોળ કળાએ ખીલેલી પ્રકૃતિના દર્શન પણ થાય છે.

પરંતુ છેલ્લા બે વર્ષથી કોરોનાની મહામારીના કારણે માનવજીવનને આર્થિક, સામાજિક અને પારિવારિક રીતે ખૂબ મોટું નુકસાન ભોગવવું પડ્યું છે. જે સૌ માટે અનુભવ

તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

આ મંદિરે મોટા પ્રમાણમાં દર જન્માષ્ટમીના દિવસે લોકો ઉમટી પડે છે. લોકોના મનોરંજન માટે આ સ્થળે એક મોટા લોકમેળાનું આયોજન પણ કરવામાં આવે છે. ઘોઘંબા તાલુકાના લોકોની ભાતીગળ સંસ્કૃતિ અને ચોમાસાની દ્વારા સાબિત થઈ ચૂક્યું છે. જેના કારણે આ વખતે તમામ જનતાએ સ્વયંભૂ રીતે આ મેળો બંધ રાખીને કોરોનાથી બચવા માટેના ઉતમ ઉદાહરણ સાથે સમાજ તથા સરકારી તંત્રને સહકાર આપ્યો છે.

કાલોલ ચલાલી ગામે ઘર આંગણે ખેતરમાં બે ભેંસ ઉપર વીજળી પડતાં મોત

તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ,

કાલોલ તાલુકાના ચલાલી થી પાંચ કિલોમીટરના અંતરે આવેલ સુલતાનપુરા ગામે ગઈ કાલે રાત્રીના સુમારે આશરે બે વાગ્યા સમયે વીજળી અને કડાકા સાથે ધોધમાર વરસાદના વર્ષ્યો હતો.

સુલતાનપુરા ગામના રહીશ ધર્મેન્દ્રભાઈ નટવરભાઈ ,ગામ સુલતાનપુરા તેઓ પોતાનું ગુજરાન ચલાવવા માટે પશુપાલન કરી દુધ વેંચી ગુજરાન ચલાવી રહ્યા હતા.પાંચ ભેસો પૈકીની બે ભેંસો ઘરના આંગણે કણજી અને આબાના ઝાડ નીચે બાંધેલી હતી. રાત્રીના બે વાગે આકાશ માંથી અચાનક વીજળી પડતા બે ભેસોનું મોત થયું હતું. તેની જાણ પશુપાલકને થતાં દુઃખની લાગણી પ્રસરી હતી.

અંદાજીત મરણ પામેલ પશુની કિંમત એક લાખ પચાસ હજાર જેટલી પશુપાલકે જણાવી હતી. કરોલી ગ્રામ પંચાયતના તલાટી અને વેજલપુર પોલીસને જાણ કરતા ઘટના સ્થળે દોડી આવ્યા હતા. ત્યાર બાદ પંચોની હાજરીમાં પંચનામું કરી વેજલપુર પોલીસ દ્વારા આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

શહેરાના નવી વાડી ગામે જુગાર રમતા પાંચ જુગારીયાને ઝડપ્યા

શહેરા,

શહેરા તાલુકાના નવીવાડી ગામેથી શ્રાવણીયો જુગાર રમતા પાંચ જુગારીયાઓને બે બાઈક તેમજ રોકડ મળી રૂ.૫૨,૪૭૦ ના મુદ્દામાલ સાથે શહેરા પોલીસે ઝડપી પાડ્યા હતા. જોકે ચાર જુગારીયા ભાગી છૂટવામાં સફળ રહ્યા હતા.

પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના નવીવાડી ગામે તળાવની પાળ ઉપર આવેલ મંદિરની પાછળના ખુલ્લા ભાગે કેટલાક ઈસમો ભેગા મળી શ્રાવણીયો જુગાર રમતા હોવાની બાતમી શહેરા પોલીસ મથકના પોલીસ ઈન્સ્પેક્ટર એન.આર.ચૌધરીને મળી હતી. તે બાતમીના આધારે પોલીસ સબ ઈન્સ્પેક્ટર ડી.એમ.મછાર સહિતના સ્ટાફે બાતમીવાળી જગ્યાએ રેડ કરતા જુગારધામ પર પાનાપત્તાનો હારજીતનો શ્રાવણીયો જુગાર રમતા પાંચ જુગારીયા પોલીસના હાથે ઝડપાઈ ગયા હતા. જ્યારે ચાર જુગારીયા પોલીસની રેડ દરમિયાન ભાગી છૂટવામાં સફળ રહ્યા હતા. પોલીસે ચાર જુગારીયાને ઝડપી પાડી અંગ ઝડતી દરમિયાન અને દાવ ઉપર મુકેલ રૂ.૧૭,૪૭૦ તેમજ બે બાઈક મળી કુલ રૂ.૫૨,૪૭૦નો મુદ્દામાલ કબ્જે કરી શહેરા પોલીસ મથકે ૯ જેટલા જુગારીયાઓ સામે જુગારધારાનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

ઝડપાયેલા આરોપીઓ

(૧) વિનુભાઈ કાળુભાઈ પરમાર રહે.ખેડા.
(૨) નરેશભાઈ ગણપતભાઈ પરમાર રહે.મહી ઈટાડી તા.ગળતેશ્વર.
(૩) સુનીલ દાજીભાઈ માછી રહે.નવીવાડી તા.શહેરા.
(૪) જીતેન્દ્રસિંહ કનકસિંહ સોલંકી રહે. નવીવાડી, તા.શહેરા અને ગોકળભાઈ જીવાભાઈ માછી રહે.જુના વલ્લવપુર.

ગોધરા રામસાગર તળાવ વૃધ્ધ મહિલા ઉપર પાલિકાનું વાહન ફરી વળતા મોત

ગોધરા,

ગોધરા શહેરા રામસાગર તળાવના કિનારે પીપળા પાસે ઝુલેલાલ ગેટ પાસે એકટીવા ઉપર બેસવા જતાં વૃધ્ધ મહિલા રોડ ઉપર ઉથલી પાડયા હતા. ત્યારે પુરઝડપે આવતું પાલિકાનું વાહન મહિલાના માથાના ભાગે ફરી વળતા મહિલાનું કરૂણ મોત નિપજાવા પામ્યું હતું. વિસ્તૃત વિગતો પ્રમાણે ગોધરા શહેર રામસાગર તળાવના કિનારે પીપળા પાસે ઝુલેલાલ ગેટ પાસે સવારે અકસ્માતનો બનાવ બન્યો હતો. વૃધ્ધ દંપતિ એકટીવા ગાડી ઉપર દર્શન માટે નિકળ્યા હતા અને દર્શન કરી પરત ફરવા માટે મહિલા એકટીવા ઉપર બેસવા જતાં હતા. ત્યારે વૃધ્ધ મહિલાનું બેલેન્સ ન રહેતા એકટીવા ઉપર થી ઉથલીને રોડ સાઈડે પડયા હતા. ત્યારે રોડ ઉપર થી પુરઝડપે પસાર થતાં પાલિકાનું કચરો ભરવાના વાહનનું વ્હીલ વૃધ્ધાના માથા ઉપર ફરી વળતાં મહિલાનું ઘટના સ્થળે કરૂણ મોત નિપજાવા પામ્યું હતું. ભરચક વિસ્તારમાં પુરઝડપે ચાલતા વાહનને લઈ વૃધ્ધ મહિલાને જીવ ગુમાવવાનો વારો આવ્યો છે. આ અકસ્માતના બનાવ અંગે ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

શહેરમાં છેલ્લા ૩૬ કલાકમાં વધુ ૨ કેસ

પોઝિટિવ કેસ ગ્રામ્યમાં એક પણ નહીં, હવે એક્ટિવ કેસ માત્ર ૧૬ જ રહ્યા

વડોદરા,

વડોદરા મહાનગરપાલિકાએ જાહેર કરેલા આંકડાઓ પ્રમાણે વડોદરા શહેર અને જિલ્લામાં આજે વધુ ૩ કેસ નોંધાયા છે. પોઝિટિવ કેસનો કુલ આંક ૭૧,૯૭૧ ઉપર પહોંચી ગયો હતો. વડોદરા જિલ્લામાં સત્તાવાર મૃત્યુઆંક ૬૨૩ ઉપર સ્થિર રહ્યો છે. અત્યાર સુધીમાં કુલ ૭૧,૩૩૨ લોકો કોરોનાને માત આપી ચૂક્યા છે.વડોદરા શહેરમાં સોમવારે કોરોનાના બે નવા દર્દી સમા અને ન્યુ વીઆઈપી રોડ વિસ્તારમાં નોંધાયા હતા. બીજી તરફ ગત ૨૪ કલાકમાં કોરોનાની સારવાર લેતા ૨ દર્દીને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવ્યો હતો. અત્યાર સુધી શહેર-જિલ્લામાં કોરોનાના કુલ ૭૧,૯૭૧ દર્દી નોંધાયા છે. હાલમાં શહેર અને જિલ્લામાં એક્ટિવ દર્દીઓ ૧૬ નોંધાયા છે, જેમાં ઓક્સિજન પર ૧ દર્દી સારવાર લઈ રહ્યો છે, જ્યારે વેન્ટિલેટર પર હવે એક પણ દર્દી નથી.કોરોનાની ત્રીજી લહેર આવવાના ભણકારા દેશભરમાં શરૂ થયા છે, ત્યારે વડોદરામાં પણ તેના માટે પણ પૂર્વ તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. ખાસ કરીને પ્રથમ વખત બાળકો માટે ત્રીજી રહે ચિંતાજનક હોવાથી આરોગ્ય વિભાગે બાળકો માટે વેન્ટિલેટર સાથેના ૫૦ આઈસીયુ બેડ સહિત ૮૪૮ બેડની અલાયદી વ્યવસ્થા પર ભાર મૂક્યો છે. ઉલ્લેખનીય છે કે, કોરોનાની પ્રથમ લહેર ગત વર્ષે માર્ચ મહિનામાં શરૂ થઈ હતી અને એના માટે આરોગ્ય વિભાગે ૬૦૦૦ બેડની વ્યવસ્થા કરી હતી અને તેમાં સપ્ટેમ્બર ૨૦૨૦માં એક દિવસમાં સૌથી વધુ ૩૩૦૦ બેડ ભરાયા હતા.બીજી લહેર ચાલુ વર્ષે મહાશિવરાત્રી બાદ શરૂ થઈ હતી અને તેમાં ૧૪૦૭૮ બેડની સામે ૧૧૦૮૪ બેડ એક દિવસમાં ભરાયા હતા.વડોદરા શહેર જિલ્લામાં અત્યાર સુધીમાં કોરોનાના ૭૧,૯૭૧ પોઝિટિવ કેસ નોંધાયા છે. જે પૈકી પૂર્વ ઝોનમાં ૯૬૬૭ પશ્ચિમ ઝોનમાં ૧૧,૯૫૩, ઉત્તર ઝોનમાં ૧૧,૭૭૭, દક્ષિણ ઝોનમાં ૧૧,૭૮૦, વડોદરા ગ્રામ્યમાં ૨૬,૭૫૮ અને ૩૬ કેસ બહારના શહેર અને રાજ્યોના નોંધાયા છે.

શહેરાના ખાંડીયા ગામેથી ચાર જુગારીયાને પોલીસે ઝડપ્યા

શહેરા,

શહેરા તાલુકાના ખાંડીયા ગામેથી શ્રાવણીયો જુગાર રમતા ચાર જુગારીયાઓને રૂ.૧૦,૬૮૦ ના મુદ્દામાલ સાથે ઝડપી પાડયા હતા.પોલીસે જરૂરી કાર્યવાહી પૂરી કરીને ગણતરીના કલાકો મા છોડી મૂક્યા હતા.

પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના ખાંડીયા ગામે કોતરની ઘસ ઉપર કેટલાક ઈસમો ભેગા મળી ગોળકુંડાળુંવાળી પાનાપત્તાનો હારજીતનો શ્રાવણીયો જુગાર રમી રહ્યા હોવાની બાતમી શહેરા પોલીસ મથકના પોલીસ ઈન્સપેક્ટર એન.આર.ચૌધરીને મળતા પોલીસ સબ ઈન્સપેક્ટર ડી.એમ.મછાર સહિતના પોલીસ સ્ટાફે બાતમીવાળી જગ્યાએ રેડ કરતા ચાર જેટલા ઈસમો જુગાર રમતા નજરે પડતા પોલીસે જુગાર રમતા ખાંડીયા ગામના પર્વતભાઈ સોમાભાઈ પરમાર, શૈલેષ અર્જુનભાઈ પરમાર અને વિજય ઉમેદસિંહ પરમાર જ્યારે મીરાપુર ગામના પ્રવિણ મંગળાભાઈ પટેલ આમ ચારેય ઈસમોને રૂપિયા ૧૦,૬૮૦ ના મુદ્દામાલ સાથે ઝડપી પાડી તેમની સાથે જુગારધારાનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.